RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 258* Date: 15.07.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# પૂરના પાણીએ આખેઆખા ગામ ડૂબાડ્યા







**નવસારીની ૩ નદીઓએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું,**
**૧૬ ઈંચ વરસાદથી આખા વાંસદાએ જળસમાધિ લીધી**
**નવસારીમાં પૂર બાદ ગુજરાત મહારાષ્ટ્રનો સંપર્ક કપાયો**

નવસારી,તા.૧૪

નવસારીમાં સાંબેલાધાર વરસી રહેલા વરસાદથી હવે લોકો તોબા પોકારી ઉઠ્યા છે. કારણ છેલ્લા ૪ દિવસોમાં નવસારી શહેરની લોકમાતા પૂર્ણા નદીમાં પુરની સ્થિતિ બનતા હજારો લોકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સતત ત્રીજા દિવસે ઝડપથી વધેલા પાણી અને વધુ પડતા પાણીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઘરોમાં કેડસમા દૂષિત પાણી હોવાથી રોગચાળો ફેલાવાની દહેશત વધી છે. મૂશળધાર વરસાદમાં નવસારીની નદીઓમાં પૂર જેવી સ્થિતિ ઉદભવી છે. પૂર્ણા નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા તબાહીના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં ભરાયા પાણી છે. તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે જવા અપીલ કરાઈ છે.

એક જ રાતમાં નવસારીના વાંસદામાં આભ ફાટ્યું છે. વાંસદા તાલુકામાં આજે સવારે ૬ વાગ્યે પુરા થતા ૨૪ કલાકમાં ૩૯૪ મિમી વરસાદ આકાશમાંથી ઝીંકાયો છે. વાંસદામાં ૨૪ કલાકમાં ૧૫.૭૬ ઈંચ વરસાદ નોંધાતા ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. તો જિલ્લાના ખેરગામ તાલુકામાં પણ ૨૨૯ મિમી એટલે ૯.૧૬ ઈંચ વરસાદ પડ્યો છે. નવસારી સહિત ઉપરવાસમાં ભારે વરસાદને કારણે જિલ્લાની નદીઓમાં ઘોડાપૂર આવી ગયા છે. આ કારણે નવસારીમાં લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં જળબંબાકારની સ્થિતિ બની છે. નવસારીની નદી કિનારાના ગામડાઓ અને નવસારી તથા બીલીમોરા શહેરના નીચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા છે. જિલ્લાની સ્થિતિને જોતા વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર મૂકી દેવાયા છે. જિલ્લામાં પૂરની સ્થિતિને જોતા બે દ્ગઙ્ઘઇહ્લ ની ટીમ કાર્યરત કરાઈ છે.

વાંસદાના પૌરાણિક ઉનાઈ માતાજી મંદિર આસપાસ પાણી જ પાણી દેખાયા છે. વાંસદા સહિત ઉપરવામાં પડેલા સાંબેલાધાર વરસાદને કારણે ઉનાઈ યાત્રાધામમાં પાણી ભરાયા છે. ઉનાઈ ગામના મુખ્ય માર્ગો પર ત્રણ ફૂટ જેટલા પાણી ભરાતા માઈભક્તોને હાલાકી પડી રહી છે.નદીની જળસપાટી વધતા નવસારીમાં પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. પૂર્ણા નદીની જળસપાટી ૨૩ ફૂટે પહોંચતા એલર્ટ મૂકાયુ છે. કાવેરી અને અંબિકાની પણ એવી જ સ્થિતિ છે, બંનેની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. નદીકાંઠાના વિસ્તારોમાંથી લોકોને ખસી જવા અને લોકોને આશ્રય સ્થાનોએ જવા કલેક્ટરે અપીલ કરી છે. નવસારી જિલ્લામાં પૂરની સ્થિતિને પગલે તંત્ર અલર્ટ મોડમાં આવી ગયુ છે. નવસારી શહેરમાં વરસાદના પગલે સીટી બસ સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો.ડાંગ અને સુરત જિલ્લામાં પડી રહેલા અનરાધાર વરસાદની સીધી અસરથી નદીઓના જળસ્તરમાં વધારો થાય છે અને પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોએ ભોવાવવું પડે છે. પૂર્ણા નદીમાં રાત્રે પાણી વધતા લોકોએ પોતાની ઘરવખરી તેમજ કિંમતી સુરક્ષિત સ્થળે લઈ જવા સાથે પોતાને પણ સલામત રાખવા પડે છે. લોકોના ઘરોમાં પાણી ભરાતા ઘણા રાતે ઘર નજીક જ બેસીને ઉજાગરો કરી રહ્યાં છે, જ્યારે સવારે પાણી ઉતરતા લોકો ઘરની સફાઈ કરીને થાકે છે. જ્યારે ફરી રાતે વરસાદની ધમાકેદાર બેટીંગને કારણે રાત્રે ફરી સામાન ખસેડવો પડે છે અને ઉજાગરો પણ કરવો પડી રહ્યો છે. ત્યારે ત્રીજા દિવસે ઝડપથી વધેલા પાણી અને વધુ પડતા પાણીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઘરોમાં કેડ સમા પાણી દૂષિત હોવાથી એમાં પલડવાને કારણે રોગચાળો ફેલાવાની દહેશત વધી છે. જ્યારે પાણી ઓસરતા હવે પાણી ઓસર્યા બાદ સફાઇ વહેલી થાય એવી માંગ પણ અસરગ્રસ્તો કરી રહ્યા છે.

નવસારી જિલ્લાના ઉપરવાસ ડાંગ જિલ્લાના તમામ તાલુકાઓમાં ૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જેમાં સુબીર તાલુકામાં ૮ ઈંચ વરસાદ ખાબકતા પૂર્ણા નદી ફરી ગાંડીતૂર બની છે. ઉપરવાસમાંથી વરસાદી પાણી નવસારી પહોંચતા, નવસારીમાં જળ સપાટી ૮ થી ૧૦ વાગ્યા સુધીના ૨ કલાકમાં જ ૩ ફૂટ વધીને ૨૪ ફૂટ થઈ હતી. જેને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારમાં ઝડપથી પાણી વધતા લોકોએ પોતના બાળકોને ખભે ઉંચકીને બહાર કાઢવા પડ્યા હતા. જ્યારે ઝડપથી વધતા પાણીને કારણે તંત્ર દ્વારા નવસારી-સુરત રાજ્ય ધોરીમાર્ગને બંધ કરી દીધો હતો, જેને કારણે વાહનવ્યવહારને મોટી અસર પડી હતી અને લાંબો ચકરાવો મારવો પડ્યો હતો. જ્યારે પાણી ભરાવાની વાત જાણતા જ શહેરીજનો પાણી જોવા વિરાવળ જકાતનાકે આવવા માંડતા પોલીસે પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પરંતુ નફ્ફટ લોકો પોલીસની વાતને પણ માનતા ન હતા અને પોલીસે તેમને સમજાવવમાં માથાકૂટ કરવી પડી હતી.

## સોનિયા ગાંધીને ઈડી સમનના વિરોધમાં કોંગ્રેસ ૨૧ જુલાઈએ દેશવ્યાપી પ્રદર્શન કરશે

નવીદિલ્હી,તા.૧૪

કોંગ્રેસના તમામ નેતાઓ દેશભરમાં કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શન કરશે. જે રીતે સોનિયા ગાંધીને ઈડીની નોટિસ મોકલવામાં આવી છે તેના વિરોધમાં કોંગ્રેસના નેતાઓ ૨૧ જુલાઈએ વિરોધ કરશે. નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા સોનિયા ગાંધીને પૂછપરછ માટે સમન્સ મોકલવામાં આવ્યા હતા. આ મામલામાં ઈડી દ્વારા રાહુલ ગાંધીને પણ નોટિસ મોકલવામાં આવી છે. રાહુલ ગાંધીએ ઈડીના કાર્યાલયમાં ૩૦ કલાકથી વધુ સમય પસાર કરી ચૂક્યા છે. અહીં ઈડીએ તેમને નેશનલ હેરાલ્ડ કેસ સાથે જોડાયેલા ઘણા અલગ-અલગ ઘણા પ્રશ્નો પૂછ્યા હતા.

પાર્ટી દ્વારા ખૂબ જ મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી છે જેમાં તમામ સચિવો, પ્રદેશ પ્રભારી, પીસીસી ચીફને બોલાવવામાં આવ્યા છે. આ બેઠકમાં ભારત જોડો યાત્રાના કાર્યક્રમ અને સંગઠન અંગે ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં પાર્ટીના ટોચના નેતાઓ શામેલ થશે અને આ દરમિયાન વિરોધ પ્રદર્શન અને લોકો સુધી પહોંચવાના અન્ય કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવશે. નોંધનીય છે કે સંસદનુ ચોમાસુ સત્ર ૧૮ જુલાઈથી શરૂ થઈ રહ્યુ છે. આ સ્થિતિમાં કોંગ્રેસના સાંસદો પણ ગૃહની અંદર વિરોધ પ્રદર્શન કરી શકે છે.

કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ કે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સિંહણ છે. તેઓ આ બધી વસ્તુઓથી ડરતા નથી. તેમણે આવી ઘણી વસ્તુઓ જોઈ છે. તે ઈડી ઑફિસ જશે અને આ સરકારનો સામનો કરશે. તંમને જણાવી દઈએ કે નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ સોનિયા ગાંધીને સમન્સ પાઠવ્યુ છે.

તેમને ૨૧ જુલાઈએ સવારે ૧૧ વાગ્યે ઈડી ઑફિસમાં હાજર થવા માટે કહેવામાં આવ્યુ છે. વાસ્તવમાં ખરાબ તબિયતના કારણે સોનિયા ગાંધી અગાઉ ઈડીની ઑફિસમાં જઈ શક્યા નહોતા. તેમને ૮ જૂને હાજર થવા માટે સમન્સ પાઠવવામાં આવ્યુ હતુ પરંતુ તે સમયે સોનિયા ગાંધીને કોરોનાનુ સંક્રમણ લાગ્યુ હતુ અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈડી આ સમગ્ર મામલે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નિવેદનો રેકોર્ડ કરવા માંગે છે. ગયા મહિને રાહુલ ગાંધીની ઈડી દ્વારા ઘણી વખત પૂછપરછ કરવામાં આવી હતી.

## સાંસ્કૃતિક રીતે સમૃધ્ધ નાગાલેન્ડની બાબતમાં રાષ્ટ્રીય રાજધાનીના લોકોની અનેક ખોટી ધારણા છે : નાગાલેન્ડના મંત્રી

નવીદિલ્હી,તા.૧૪

નાગાલેન્ડના મંત્રી તેમજેન ઈમ્ના અલોંન્ગ હવે પોતાના એક નવા પોસ્ટને લઈને ચર્ચામાં છે.એ યાદ રહે કે તાજેતરમાં તેમણે નાની આંખો વાળી ટીપ્પણી કરી હતી જે સોશલ મીડિયા પર ટ્રેડ થવા લાગી હતી તેમજેન ઈમ્ના નાગાલેન્ડના ઉચ્ચ શિક્ષા અને જનજાતીય મામલાના મંત્રી છે અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ પણ છે.નવી વીડિયોમાં મંત્રી વર્ષ ૧૯૯૯માં પોતાની પહેલી દિલ્હી યાત્રાને યાદ કરી રહ્યાં છે.એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે સાંસ્કૃતિક રીતે સમૃધ્ધ નાગાલેન્ડની બાબતમાં રાષ્ટ્રીય રાજધાનીના લોકોની અનેક ખોટી ધારણાઓ છે.તેમણે કહ્યું કે જયારે હું પહેલીવાર ૧૯૯૯માં દિલ્હી આવ્યો અને જુની દિલ્હી રેલવે સ્ટેશન પર ઉતર્યો તો ત્યાં લોકોની સંખ્યા જોઇ હું ચોંકી ગયો હતો આ સંખ્યા નાગાલેન્ડની પુરી વસ્તીથી વધુ હતી હું આશ્ચર્યમાં હતો અને મને વિશ્વાસ જ થઇ રહ્યો ન હતો.મંત્રીએ કહ્યું કે દિલ્હીમાં મોટાભાગના લોકોને ખબર નથી કે નાગાલેન્ડ કયાં છે તેઓ મને પુછે છે શું નાગાલેન્ડ જવા માટે વીજાની જરૂરત છે.

ઈમ્નાએ યાદ કરાવતા કહ્યું કે તેમણે એક અફવાની બાબતમાં જાણવા મળ્યું કે નાગાલેન્ડના લોકો ઈસાનોને ખાય છે તેમણે મજાકીયા અંદાજમાં કહ્યું અને મારા ડીલ ડીલથી તેમની શંકા પાક્કી થઇ ગઇ હશે રવિવારે તેમણે પોતાની પત્નીની બાબતમાં ગુગલની ચિંતા પર પોતાની મજાકીયા ટીપ્પણીથી ટ્વિટર પર ખુબ ચર્ચામાં રહ્યાં તેમણે પોતાની બાબતમાં ગુગલ પર સૌથી વધુ પુછનારા સવાલોની એક તસવીર પણ શેર કરી હતી.મજાકીયા મંત્રીબ્નીબાબતમાં ગુગલ પર અનેક સવાલ પુછવામાં આવ્યા એક સર્ચ જે તેમના દ્વારા હાઈલાઈટ કરવામાં આવ્યો તે હતો તેમજેન ઈમ્ના અલોન્ગ વાઈફ.તેના પર પ્રતિક્રિયા આપતા તેમજેન અલોન્ગે ગુગુલને ટેગ કર્યું અને લખ્યું આયલી એટ ગુગલ પર થઇ રહેલ સર્ચથી હું ખુબ ઉત્સાહિત છું મેં તો હજુ પણ તેને શોધી રહ્યો છું

## ગોવા કોંગ્રેસમાં થયેલ બળવવાથી અમારે કોઇ લેવા દેવા નથી : મુખ્યમંત્રી પ્રમોદ સાવંત

પણજી,તા.૧૪

મહારાષ્ટ્રની રાજનીતિક આગ ઠંડી પડી નથી કે પડોસી રાજય ગોવામાં આગ લાગી છે.આ વખતે આગ કોંગ્રેસ પાર્ટીમાં લાગી છે.

અહેવાલો છે કે કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોમાંથી પાંચ ધારાસભ્ય સંપર્કથી બહાર હતાં કહેવામાં આવી રહ્યું છે કે આ ધારાસભ્યો કોંગ્રેસ પાર્ટી છોડી શકે છે.હવે આ મામલામાં રાજયના મુખ્યમંત્રી અને ભાજપ નેતા પ્રમોદ સાવંતનું નિવેદન આપ્યું છે.

મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે કહ્યું છે કે પ્રદેશ કોંગ્રેસમાં બળવાથી ભાજપને કોઇ લેવા દેવા નથી એ યાદ રહે કે કોંગ્રેસના ૧૧માંથી પાંચ ધારાસભ્યોની સાથે કોઇ સંપર્ક ન થવાને લઇને એવી અટકળો લાગી હતી કે કોંગ્રેસ પાર્ટીમાં ફુટ પડી છે.

જો કે રાજય વિધાનસભાના ચોમાસુ સત્રમાં આ પાંચ ધારાસભ્યોએ ભાગ લીધો હતો અને દાવો કર્યો હતો કે કોંગ્રેસમાં કંઇ ગડબડ નથી જયારે કોંગ્રેસના ૧૦ ધારાસભ્ય પણજીમાં પાર્ટીના વરિષ્ઠ નેતા મુકુલ વાસનિકની અધ્યક્ષતામાં થયેલ બેઠકમાં પણ સામેલ થયા હતાં

વિધાનસભા પરિસરની બહાર મુખ્યમંત્રી સાવંતને રાજય કોંગ્રેસના કહેવાતા બળવાને લઇ સવાલ પુછવામાં આવ્યો ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે હું દોહરાવવા માંગુ છું કે કોંગ્રેસ વિધાનસભા પક્ષમાં બળવાથી ભાજપને કોઇ લેવાદેવા નથી

એ યાદ રહે કે કોંગ્રેસના પાંચ ધારાસભ્યો માઇકલ લોબો દિગંબર કામત,કેદાર નાઇક રાજેશ ફલદેસાઇ અને ડેલિયાલા લોબોનો સંપર્ક ન હતાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પોતાના વિશ્વાસુ મુકુલ વાસનિકને તાકિદે ગોવા મોકલ્યા હતાં કોંગ્રેસે લોબો અને પૂર્વ મુખ્યમંત્રી કામત પર સત્તારૂઢ ભાજપની સાથે કાવતરૂ રચવાનો અને મિલીભગત કરવાનો આરોપ લગાવ્યો હતો જેથી પાર્ટીના વિધાનસભા પક્ષમાં ફુટ પાડી શકાય કોંગ્રેસે લોબોને ૪૦ સભ્યોવાળી વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પદેથી હટાવી દીધા છે.

દરમિયાન ગોવામાં સંકટને લઇ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહે કહ્યું હતું કે જોવાની વાત એ હશે કે બળવાખોરોમાં કેટલા પર ઈડી અને આઈટીના કેસ ચાલી રહ્યાં છે આ લોકતંત્ર નહીં,ધનતંત્ર છે.

## મેં નુસરત મિર્જાને ક્યારે આમંત્રિત કરી નથી અને ના તો તેને મલ્યો : પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અંસારી

નવીદિલ્હી,તા.૧૪

ભાજપે એક પાકિસ્તાની પત્રકારના તે દાવાઓને લઈને પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ હામિદ અંસારી અને કોંગ્રેસ પાસે સ્પષ્ટીકરણ માંગ્યું, જેમાં પત્રકાર નુસરત મિર્જાએ કહ્યું હતું કે તેણે સંપ્રગ સરકારના કાર્યકાળમાં ૫ વખત ભારતની યાત્રા કરી અને અહીંથી એકત્રિસ સંવેદનશીલ સૂચનાઓ પોતાના દેશની ગુપ્તચર એજન્સી આઈએસઆઈને ઉપલબ્ધ કરાવી. આ દરમિયાન હામિદ અંસારીએ પોતાના તરફ ચિંધાઈ



રહેલી આંગળીઓને શાંત કરવા માટે નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું કે કાલે અને આજે મારા ઉપર મીડિયાના વર્ગોમાં અને ભારતીય જનતા પાર્ટીના સત્તાવાર પ્રવક્તા દ્વારા વ્યક્તિગત રૂપથી જુઠાણું ચલાવવામાં આવ્યું કે મે ભારતના ઉપરાષ્ટ્રપતિના રૂપમાં પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝાને આમંત્રિત કરી હતી. હામીદ અંસારીએ કહ્યું હતું કે તેમને નવી દિલ્હીમાં ‘આતંકવાદ‘ પર એક સંમેલનમાં મળ્યા હતા અને ઈરાનમાં રાજદૂતના રૂપમાં, મે એક એવા કેસમાં રાષ્ટ્રીય હિત સાથે વિશ્વાસઘાત કર્યો હતો, જેના માટે એક સરકારી એજન્સીના એક પૂર્વ અધિકારી દ્વારા આરોપ લગાવવામાં આવ્યા હતા. એક તથ્ય છે કે ભારતના ઉપરાષ્ટ્રપતિ દ્વારા વિદેશી ગણમાન્ય વ્યક્તિને નિમંત્રણ સામાન્ય રીતે વિદેશ મંત્રાલયના માધ્યમથી સરકારની સલાહ પર હોય છે.

મેં ૧૧ ડિસેમ્બર ૨૦૧૦ ના રોજ આતંકવાદ પર સંમેલન, ‘આંતરરાષ્ટ્રીય આતંકવાદ અને માનવાધિકારો પર ન્યાયવિદોના આંતરરાષ્ટ્રીય સંમેલન‘નું ઉદઘાટન કર્યું હતું. જેમ કે સામાન્ય પ્રથા છે, આયોજકો દ્વારા આમંત્રિતોની યાદી તૈયાર કરવામાં આવી હશે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૦ હજારથી વધુ કેસ

નવીદિલ્હી,તા.૧૪

દેશમાં કોરોના વાયરસની રફતાર સતત તેજ થઈ રહી છે. કોવિડ ૧૯ ના નવા કેસમાં ૧૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૦,૧૩૯ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૩૮ લોકોના મોત પણ થયા છે. આ સાથે દેશભરમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧,૩૬,૦૭૬ થઈ ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર દેશમાં એક દિવસમાં કોવિડ ૧૯ ના ૨૦,૧૩૯ નવા કેસ સામે આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૪,૩૬,૮૯,૯૮૯ થઈ છે. ત્યારે મૃતકોની સંખ્યા ૫,૨૫,૫૫૭ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડથી ૧૬,૪૮૨ લોકો રિકવર થયા છે. દેશમાં કોરોનાથી સાજા થતા લોકોની સંખ્યા વધીને ૪,૩૦,૨૮,૩૫૬ થઈ ગઈ છે.

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કેસમાં ઝડપથી વધારો થતો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં બુધવારના કોરોના વાયરસના સંક્રમિત ૨૫૭૫ વધુ દર્દીઓ મળી આવ્યા તથા ૧૦ સંક્રમિતોના મોત થયા છે. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર, રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮૦,૧૦,૨૨૩ થઈ ગઈ છે. જયારે મૃતકોની સંખઅયા ૧,૪૮,૦૦૧ થઈ ગઈ છે.

રાજધાની દિલ્હીમાં એક દિવસમાં કોરોના વાયરસ સંક્રમણના ૪૯૦ નવા કેસ સામે આવ્યા છે જયારે ત્રણ દર્દીઓના સંક્રમણથી મોત થયા છે. સંક્રમણ દર ૩.૧૬ ટકા નોંદાયો છે. નવા કેસ સામે આવ્યા બાદ રાષ્ટ્રીય રાજધાનીમાં સંક્રમણના કેસ વધીને ૧૯,૪૧,૯૦૫ થઈ ગયા.

## તંત્રી સ્થાનેથી...

# વિઘ્નસંતોષીઓના દુર્ભાગ્યે ભારત શ્રીલંકા નહીં બને

*ભારતમાં રહેતા કેટલાક વિઘ્નસંતોષીઓ અત્યારે શ્રીલંકાની પરિસ્થિતિઓની તુલના ભારત સાથે કરી રહ્યા છે અને કહે છે કે એ દિવસો દૂર નથી કે ભારતમાં પણ શ્રીલંકા જેવી હાલત થશે! આ 'વિદ્વાનો' શેના આધારે આવું કહી રહ્યા છે તેનો ફોડ નથી પાડતા, બસ મોદી વિરોધની લ્હાયમાં તેઓ ભારતના ખરાબ દિવસોની કામના કરી રહ્યા છે. દેશના કેટલાક નામી ચહેરાઓ જેમ કે ઈતિહાસકાર રામચંદ્ર ગુહા, સીનિયર વકીલ પ્રશાંત ભૂષણ, બેંકર ઉદય કોટક, અર્થશાસ્ત્રી રઘુરામ રાજન વગેરેને ભારતને શ્રીલંકા સાબિત કરવાની ચળ ઉપડી છે. થોથાં અને વહીખાતાં લખનારા વિદ્વાનોએ ટ્વીટ કરીને કે નિવેદનો આપીને એટલી ટૂંકી વાતો કરી છે કે તેમની ચેતવણી હવે તેમની ઈચ્છા લાગી રહી છે. કેટલાંક ભારતદ્વેષી પોર્ટલો પર પણ આ જ મતલબના કાર્યક્રમો ચાલવા લાગ્યા છે.એક કાર્યક્રમમાં મીડિયા સાથે વાત કરતાં ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ શ્રીલંકાની હાલતને ભારત માટે ચેતવણી ગણાવી અને કહ્યું - 'શ્રીલંકા એશિયાનો સૌથી સમૃદ્ધ દેશ બની શકતો હતો. ત્યાં સાક્ષરતા, સ્વાસ્થ્ય સેવાઓ, લિંગાનુપાતનો દર ઊંચો હતો. પરંતુ સિંહાલા અને બૌદ્ધ બહુસંખ્યકોને કારણે એ દેશ બરબાદ થઈ ગયો.' તેમણે કહ્યું કે જો એક ધર્મ અને એક ભાષાને મહત્ત્વ આપવામાં આવ્યું તો ભારતની હાલત પણ શ્રીલંકા જેવી થશે. અસલમાં રામચંદ્ર ગુહાએ દેશના ઈતિહાસ પર અનેક મોટા-મોટા ગ્રંથ લખ્યા છે, પરંતુ તેમનું આ નિવેદન એક કોયડો છે. શ્રીલંકાના સંકટનાં ઘણાં કારણો હશે, પરંતુ ધર્મ અને ભાષાનો શ્રીલંકાના હાલના સંકટ પર શો પ્રભાવ છે, એ સમજાતું નથી. ગુહાએ પણ એ વિશે કશો ફોડ નથી પાડ્યો!*

*જેમને સુપ્રીમ કોર્ટે બદનક્ષીમાં એક રૂપિયાનો દંડ ફટકારેલો એ નામીચા વકીલ પ્રશાંત ભૂષણે તો હદ કરી દીધી. તેમણે કેટલાંક અખબારોનાં કટિંગ ટ્વિટર પર શેર કરીને ભારત અને શ્રીલંકાની હાલતની તુલના કરી છે. તેમણે લખ્યું છે - 'શ્રીલંકાના સત્તાધારીઓએ છેલ્લા કેટલાક વર્ષોમાં જે કર્યું અને ભારતના સત્તાધારી જે આજે કરી રહ્યા છે, તેમાં તમને કશી સમાનતા દેખાય છે? શું ભારતમાં પણ આવાં જ પરિણામ મળશે? જેવી આજે શ્રીલંકાની હાલત છે? તેની અર્થવ્યવસ્થા એટલી કમજોર થઈ ગઈ છે કે વિદેશી મુદ્રાભંડાર ઘટીને માત્ર ૫૦ અબજ ડોલર થઈ ગયો છે.' અસલમાં પ્રશાંત ભૂષણ એક વરિષ્ઠ વકીલ છે અને તેમણે કેટલાય મોટા કેસો લડ્યા હશે, અન્ના આંદોલન બાદ તેઓ વધુ પ્રખ્યાત થયા, પરંતુ આવા વિદ્વાને પણ વિદેશી મુદ્રા ભંડારના સંકટ પર અધકચરી વાત કરી. પોતાના ટ્વીટનું વજન પડે એટલે મોં-માથા વગરના તથ્યો ઘૂસાડ્યા છે.હવે વાત કરીએ આરબીઆઈના એક પૂર્વ ગવર્નર અને ખ્યાતનામ અર્થશાસ્ત્રી રઘુરામ રાજનની. રાજન પણ વિઘ્નસંતોષીની લાઈનમાં આવે છે. મોદી સરકાર આવ્યા બાદ ૨૦૧૬માં તેમણે ગવર્નર પદ છોડી દીધું. ત્યારબાદથી રાજને એક અલગ જ ઈકોનોમિસ્ટની છબિ ઊભી કરી. પદ છોડ્યા બાદ તેઓ એક નવા ઈન્ડિકેટર પર વ્યાખ્યાન આપવા લાગ્યા છે. ભારતની અર્થવ્યવસ્થા પર ધાર્મિક ભેદભાવ, વંશીય ભેદભાવ (જેનો અર્થશાસ્ત્રીએ કોઈ આધાર નથી આપ્યો)ના પ્રભાવોનું વર્ણન કર્યું છે. હાલમાં જ શિકાગોમાં એક વ્યાખ્યાનમાં રાજને કહ્યું - 'જો ભારતની આંતરરાષ્ટ્રીય છબિ અલ્પસંખ્યક વિરોધી બને છે તો ભારત આંતરરાષ્ટ્રીય સ્તર પર ઈન્ડિયન પ્રોડક્ટ મામલે કેટલાય પ્રકારના નુક્સાનોનો સામનો કરી શકે છે. તેની સાથે જ ભારતમાં રોકાણ કરનારા વિદેશી રોકાણકારો પણ આ બાબતે પ્રતિક્રિયા આપી શકે છે.' એક ખ્યાતનામ અર્થશાસ્ત્રીના આવા તર્ક સાંભળી માથું ભમી જાય. સરકારનો કોઈ સલાહકાર એવી સલાહ આપે કે ચીન પાસેથી સામાન ખરીદવા આપણા ઉદ્યોગોને તાળાં મારી દો, નહિ તો તે લદ્દાખ અને અરુણાચલમાં દેશની જમીન હડપી લેશે? એવી સલાહ આપે કે રમખાણો થવા દો, કારણ કે શાસન-પ્રશાસનની સજ્જાઈથી દેશ બરબાદ થઈ જાય છે. આવા સલાહકારો કે અર્થશાસ્ત્રીઓના વિચારનો એક્સરે કરાવવો જોઈએ. જેણે આરબીઆઈ ગવર્નર જેવા મહત્ત્વપૂર્ણ પદની ખુરશી છોડી દીધી હોય તેણે પોતાનું ધ્યાન પણ ભારતની સમસ્યાઓથી હટાવી લેવું જોઈએ.*

# પ્રભુની કૃપા થાય તો જ ભક્તિનો રંગ લાગે છે

## નવીવાડી ખાતે સદગુરૂ પૂજન અને સત્સંગ જ્ઞાનયજ્ઞ યોજાયો



શહેરા તાલુકાના નવીવાડી ગામમાં આવેલ શ્રી ચામુંડા માતાના મંદિર ખાતે અમદાવાદના તપોનિષ્ઠ બાળ બ્રહ્મચારી ભાગવત કથાકાર પ.પૂ.સંતશ્રી શરદભાઇ ત્રિવેદી (અમરેલીવાળા)ની નિશ્રામાં સદગુરૂ પૂજન અને સત્સંગ જ્ઞાનયજ્ઞ યોજાયો હતો.સવારે ૯ થી ૧૨ ગુરૂપૂજન ત્યારબાદ બપોરના ૩ થી ૬ દરમ્યાન લઘુ ભાગવતકથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વ્યાસપીઠ ઉપરથી પોતાના પ્રવચનમાં સંતશ્રીએ કહ્યું હતું કે જગતમાં ગુરૂ સુલભ છે પણ સદગુરુ મળવા દુર્લભ છે.સત્ય પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન કરાવે,સર્વમાં ઈશ્વરનાં દર્શન કરે તે સદગુરૂ.માત્ર શબ્દોથી ઉપદેશ આપે તેને ગુરૂ કહેવાય.અત્યારના જમાનામાં આવા ગુરૂ ઠેર ઠેર જોવા મળે છે,જેનો પ્રત્યેક વ્યવહાર જ્ઞાન અને ભક્તિ,વૈરાગ્યથી ભરેલો છે અને એક પળ પણ પ્રભુ પરમાત્માના દર્શન વગર રહી શકતા નથી તે મહાત્મા સદગુરૂ છે.કોઈના કહેવાથી આ જીવ ભક્તિ કરતો નથી કે પરમાત્માના માર્ગે વળતો નથી. પ્રભુની કૃપા થાય તો જ ભક્તિનો રંગ લાગે છે.કોઈના ગુરૂ થવાની ઈચ્છા ના રાખશો.ગુરૂ થવું હોય તો મનના ગુરૂ થાવ.કોઈપણ પ્રકારનો મત્સરતાનો ભાવ ના રાખવો,આળસ છોડીને સેવા કરવી,દેહ ઘર વગેરેમાં મમતા ના રાખવી,ભગવાનની જેમ ગુરૂ ચરણોમાં દઢ ભક્તિ રાખવી,કોઈના પ્રત્યે દોષદષ્ટિ કરવી નહી અને વ્યર્થ તેમજ અસત્ય ભાષણથી દૂર રહેવું.

ભાગવતની કથાથી ભક્તિ પૃષ્ટ થાય છે.જ્ઞાન અને વૈરાગ્યની સાથે ભક્તિ વધે તો મુક્તિ મળે છે.છે. ભાગવતએ ભવરોગની દવા છે.જીવને ભગવાનનો વિયોગ એ મોટામાં મોટો રોગ છે.છે.પરમાત્માના દર્શન કરવાથી માનવજન્મ સફળ થાય છે.છે.મનુષ્યજન્મ પ્રભુને પ્રાપ્ત કરવા માટે છે.બુદ્ધિનો સદઉપયોગ કરી વિવેક અને સંયમથી પવિત્ર જીવન ગાળે તો પરમાત્માના દર્શન થાય છે.કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર અને અવિદ્યા..મનના આ સાત રોગ છોડો તો મુક્તિ મળે.કોઇના શરીરને કે રૂપને ના જોશો.દેહ દર્શન થાય ત્યાંસુધી દેવ દર્શન થતા નથી.જ્ઞાની-અજ્ઞાની બધાનું મન બગડે છે એટલે પાપ થાય છે અને શાંતિ મળતી નથી.જીવ ઈશ્વરનું સ્વરૂપ છે,શરીરના આવરણના લીધે ચૈતન્ય ગુપ્ત છે.જે સર્વમાં પરમાત્માના દર્શન કરી શકતો નથી તેને પરમાત્માના દર્શન થવાના નથી.

જેને પાપનો વિચાર આવતો નથી તેનું મૃત્યુ મંગલમય બને છે.અંત સમયે જે ગભરામણ થાય છે તે કાળની નહી પરંતુ કરેલા પાપ કર્મોની યાદથી થાય છે.હું ભગવાનનો અંશ છું,મારા તમામ કર્મો પ્રભુ જોઇ રહ્યા છે તેવું સ્મરણ પાપથી બચાવે છે.જ્યારે જન્મ થયો ત્યારે જ મૃત્યુનો સમય,સ્થળ અને કારણ નક્કી થયેલું છે.મૃત્યુ એટલે પરમાત્માને હિસાબ આપવાનો પવિત્ર દિવસ.મરણને સુધારવું હોય તો પ્રતિક્ષણ સુધારજો.પ્રેમ વિના વૈરાગ્ય આવતો નથી,વૈરાગ્ય ના હોય તો ભક્તિ વાસનાના વેગમાં વહી જાય છે તેથી જ્ઞાન ભક્તિ અને વૈરાગ્યની જરૂર છે.વિષય-વિકાર,પત્ની પુત્ર ઘર અને ધનની આસક્તિ છુટે તો મુક્તિ મળે છે.ઈશ્વર સાથે તન્મય થાય તેને આનંદ મળે છે.શરીરને ગમે તેટલું સાચવો તે બગડવાનું જ છે. તન અને ધનને સાચવે તે સંન્યાસી અને મનને સાચવે તે સંત.શું કરવુ અને શું ના કરવું તે મનને નહી શાસ્ત્રને પુછો.આચાર-વિચાર શુદ્ધ હોય તો ભક્તિ થાય,મનની શુદ્ધિ થાય છે.

સત્ય પરમાત્માનું સ્વરૂપ છે.અસત્ય બોલનારને પાપ લાગે છે,પુણ્યનો ક્ષય થાય છે.મિતભાષી થશો તો સત્યભાષી થશો.આંખ અને કાનથી જ પાપ થાય છે તે શુદ્ધ હશે તો જ ભક્તિ આવશે.ગમે તેવો પાપી હોય પણ ભાગવતકથા પ્રેમથી સાંભળે તો પાપનો નાશ થાય છે.ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માની વિશ્વાસથી સુમિરણ કરવું.બુદ્ધિ પારકી પંચાત કરે છે,તેનો પતિ આત્મા છે,તેને સત્સંગ મળે તો વિવેક આવે છે.પાંચ વિષયોનો દાસ બને તેને અંતકાળે વિષયો મારે છે.આ શરીર હાડ માંસ લોહીનો પિંડ છે,સંસારના સબંધોમાંથી મમતા હટાવી ભક્તિમાં લાગી જવાથી કલ્યાણ છે.પારકાનું ધન હરણ કરવાની ઈચ્છા રાખે તે દુર્યોધન,પરસ્ત્રીને કામભાવે જુવે તે રાવણ.મનુષ્ય પાપ કરે છે ત્યારે હસે છે અને પાપની સજા ભોગવવાનો સમય આવે ત્યારે રડે છે.પતિ-પત્નીમાં,પિતા-પૂત્રમાં,ધંધા અને ધનમાં,કુટુંબ,ઘર અને ગામમાં આસક્તિ વિવેકથી છોડવાની છે.

સો કામ છોડી ભજન કરો,હજાર કામ છોડી સ્નાન કરો,લાખ કામ છોડી દાન કરો અને કરોડ કામ છોડી સેવા-સુમિરણ-સત્સંગ કરો.પ્રેય(થોડો સમય પ્રિય લાગે પછી અણગમો થાય)ને છોડી શ્રેય(જે વિષય કાયમ પ્રિય લાગે)ને પકડો.અતિ સંપત્તિ વધે એટલે માણસ પ્રમાદી થાય,તેનામાં વિકાર-વાસના વધે. પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી.પ્રભુકૃપા કરે તો સંત મળે છે.સ્વાદ ભોજનમાં નહી પણ ભૂખમાં છે,મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી સંત મળે તો પણ સંતમાં સદભાવ થતો નથી એનું કારણ જીવને ભગવદ દર્શનની ઈચ્છા જ થતી નથી.પરમાત્મા સાથે પ્રેમ કરવો હશે તો વિષયોનો પ્રેમ છોડવો પડશે.દારૂ અને દારામાં ફસાય છે તે જીવનના સાચા અમૃતથી વંચિત રહી જાય છે.ભોગો ભોગવવાથી તૃપ્તિ થતી નથી,ભોગોના ત્યાગથી જ શાંતિ મળે છે.મુક્તિનું ફળ મેળવવા ભક્તિ કરનારાઓને લૌકિક સુખની કામના ના કરવી.મનુષ?યનું જીવન અતિ વિલાસી બન્યું તેથી જ્ઞાનમાર્ગથી જીવ ઈશ્વર પાસે જઇ શકતો નથી.લૌકીક સબંધનું સ્મરણ છે ત્યાં સુધી ઈશ્વરમાં આસક્તિ થતી નથી.જન્મથી કોઇ ખરાબ હોતું નથી કુસંગથી જ માણસ બગડે છે.મરણની ભીતિથી પ્રભુમાં પ્રીતિ થાય છે.મનને ખુબ પવિત્ર રાખીએ કારણ કે મન તો મર્યા પછી પણ સાથે આવવાનું છે.જેના મનમાં કામ છે એનું સ્મરણ કરશો તો એનો કામ તમારા મનમાં આવશે.જ્યારે ધ્યાન કરતાં મન ચંચળ બને ત્યારે પરમાત્માના નામનું વારંવાર સુમિરણ કરો. પરમાત્માનો પ્રેમ મેળવવો હશે તો વિષયોનો પ્રેમ છોડવો પડશે.જે મનુષ્ય બીજા જીવોનું અપમાન કરે છે તે ઘણી બધી નાની-મોટી બધી સામગ્રીઓ વડે પરમાત્માનું પૂજન કરે છે તો પણ તેનાથી પરમાત્મા પ્રસન્ન થતા નથી.રોગથી બચવા યોગનો સહારો લો.સ્ત્રી લક્ષ્મી સમાન સુખ આપનારી,શારદા જેવી જ્ઞાનધારી અને દુષ્ટોનો નાશ કરવાના સમયે કાલિકા બની શકે છે.આમ સ્ત્રીઓમાં લક્ષ્મી શારદા અને કાલિકાની શક્તિઓ મૌજૂદ છે. સંતશ્રી બીજલબાપાના કૃપાપાત્ર શિષ્ય પૂ.વિજયા દીદી,બાલાશિનોર કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દિનેશભાઇ માછી તથા ભક્તરાજ ભીખારામ મહારાજના અનુગામી મહા.શ્રી યોગેશકુમાર માછીની અધ્યક્ષતામાં ભજન સત્સંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પણ મોટી સંખ્યામાં હરી ભક્તોએ હાજર રહી ગુરૂપૂજન તથા સંતવાણીનો રસાસ્વાદ લીધો હતો.

વિનોદભાઇ માછી નિરંકારી,નવીવાડી,તા.શહેરા,જી. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રાજસ્થાનમાં દ્રોપદી મુર્મૂના સ્વાગત કાર્યક્રમમાં ભાજપના બે જુથના નેતાઓ સામસામે આવ્યા



જયપુર,તા.૧૪

રાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર દ્રોપદી મુર્મૂ જયપુર પહોંચ્યા હતાં. અને રાજયના ભાજપના સાંસદો અને ધારાસભ્યોનું સમાર્થન માંગ્યું હતુ જો કે અહીં એક હોટલમાં મુર્મૂના સ્વાગત માટે રાખવામાં આવેલ એક કાર્યક્રમ પહેલા પાર્ટીના બે મોટા નેતાઓ રાજયસભાના સાંસદ ડો કિરોડીલાલ મીણા અને વિરોધ પક્ષના ઉપનેતા રાજેન્દ્ર રાઠોડ વચ્ચે કાર્યક્રમમાં કાર્યકર્તાઓના પ્રવેશને લઇ કહેવાતી અને ગરમાગરમી થઇ ગઇ હતી આ ગરમાગરમીની વીડિયો પણ સોશલ મીડિયા પર વાયરલ થઇ ગઇ છે જો કે બાદમાં બંન્ને નેતાઓએ એક બીજાને ભાઇ બતાવતા કહ્યું કે તેમની વચ્ચે કોઇ મતભેદ કે મનભેદ નથી.સુત્રોના જણાવ્યા અનુસાર એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મુર્મૂના સ્વાગત માટે જયપુરની એક હોટલમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં કાર્યકર્તાઓને એન્ટ્રી આપવાના મુદ્દા પર મીણા નારાજ જોવા મળ્યા હતાં તે પોતાના લગભગ ૧૦૦ દર્શકોની સાથે તે હોલમાં પહોંચ્યા જયાં કાર્યક્રમ થઇ રહ્યો હતો ત્યાં હાજર કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કાર્યકર્તાઓનને અભિનંદન કાર્યક્રમમાં પાર્ટીના સુત્રો ન લગાવવા માટે કહ્યું આ દરમિયાન મીણાની રાજેન્દ્ર રાઠોડની સાથે ગરમાગરમી થઇ ગઇ હતી મીણાએ રાઠોડને ખુબ જ ખરી ખોટી સંભળાવી હતી.

# શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાજપક્ષે જ નહીં દુનિયાના અનેક મોટા નેતાઓ પણ દેશ છોડીને ભાગ્યા હતા

નવીદિલ્હી,તા.૧૪

શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષેએ દેશ છોડી દીધો છે. તે માલદીવ નાસી ગયા છે. રાજીનામું આપ્યા વિના ભાગી જતાં લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો છે. હજારો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. તેની પહેલાં ગોટાબાયા રાજપક્ષેએ ૧૩ જુલાઈએ રાજીનામું આપવાની વાત કહી હતી. પરંતુ તે રાજીનામું આપ્યા વિના દેશ છોડીને નાસી ગયા. જેનાથી હવે શ્રીલંકામાં નવું રાજકીય સંકટ ઉભું થયું છે. ૧૯૪૮માં આઝાદ થયેલું શ્રીલંકા પોતાના અત્યાર સુધીના સૌથી ખરાબ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ખાવા-પીવાનો સામાન અને દવા જેવી પાયાની જરૂરિયાતોની તંગી છે.

જો કે શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાજપક્ષે જ નહીં દુનિયાના અનેક નેતાઓ દેશ છોડીને ભાગ્યા છે ફેબ્રુઆરી ૨૦૧૦માં યુક્રેનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ. આ ચૂંટણીમાં વિક્ટર યાનુકોવિચની જીત થઈ. યાનુકોવિચે રશિયાની સાથે સાથે યુરોપિયન યૂનિયનની સાથે સારા સંબંધ બનાવવાનો વાયદો કર્યો. નવેમ્બર ૨૦૧૩માં યુરોપિયન યુનિયનની યુક્રેન સાથે એક સમજૂતી થવાની હતી. પરંતુ યાનુકોવિચ તેમાંથી હટી ગયા. તેના પછી યુક્રેનમાં વિદ્રોહ શરૂ થઈ ગયો. આ દરમિયાન યાનુકોવિચ પર ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૪માં યુક્રેનની સંસદમાં યાનુકોવિચને પદ પરથી હટાવવા પર મતદાન થયું. તેમાં ૪૪૭માંથી ૩૨૮ સભ્યોએ તેમને હટાવવાના પક્ષમાં મત આપ્યો. પરંતુ તેની પહેલાં જ યાનુકોવિચ દેશ છોડીને ભાગી ગયા હતા.

રઝા શાહ પહલવી, ઈરાનઃ ઈરાનમાં પહલવી વંશનું શાસન ચાલી રહ્યું હતું. ૧૯૪૯માં ઈરાનનું નવું બંધારણ લાગુ થયું. તે સમયે દેશના રાજા હતા રઝા શાહ પહલવી. ૧૯૫૨માં મોહમ્મદ મોસદ્દિક પ્રધાનમંત્રી બન્યા. પરંતુ ૧૯૫૩માં તેમની ખુરશી છીનવાઈ ગઈ અને તેના પછી શાહ પહલવી દેશના સર્વેસર્વા બની ગયા. આ તખ્તાપલટ લોકોને પસંદ ના આવી. લોકોની નજરોમાં રઝા પહલવી અમેરિકાની કઠપૂતળી બની ગયા હતા. તે સમયે શાહ પહલવીના વિરોધી નેતા હતા આયોતલ્લાહ રુહોલ્લાહ ખૌમેની. ૧૯૬૪માં શાહ પહલવીએ ખૌમેનીને દેશનિકાલ આપી દીધો. સપ્ટેમ્બર ૧૯૭૮માં ઈરાનમાં શાહ પહલવી સામે વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા.લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા. તેને ઈસ્લામિક ક્રાંતિ પણ કહેવામાં આવે છે. ૧૬ જાન્યુઆરી ૧૯૭૯માં શાહ પહલવી પોતાના પરિવારની સાથે ઈરાન છોડીને અમેરિકા ચાલ્યા ગયા,. ફેબ્રુઆરી ૧૯૭૯માં ખૌમેની ફ્રાંસથી ઈરાન પાછા ફર્યા.

૨૦૧૩ની ચૂંટણીમાં જીત પછી નવાઝ શરીફની પાર્ટી દ્ભઙ્ઘ-દ્ગ સત્તામાં આવી. નવાઝ શરીફ પ્રધાનમંત્રી બન્યા. શરીફ સરકારે મુશર્રફ પર દેશદ્રોહનો કેસ કર્યો.

# સિગારેટ, બીડી કે દારૂ જેવી ખતરનાક અને જીવલેણ હોવા છતાં લોટરી સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તેવી સંવૈધાનિક ચેતવણી લખવામાં કેમ આવતી નથી ?

લોટરી . રોટલી. એકમેકને ઉલ્ટા કરીએ તો ફેર ન પડે. રોટલી અને લોટરી ભૂખનું શમન કરે છે. રોટલી પેટની ભૂખ મિટાવે છે. લોટરી ધનની ભૂખ મિટાવે છે. દુનિયામાં લોટરી અને રોટલી પાછળ ખુવાર થનારની સંખ્યા નાનીસૂની નથી.

રોટલી મેળવવા કરોડો લોકો તનતોડ મહેનત કરે છે, પરસેવો વહાવે છે. લોહીનુ પાણી કરે છે, છતાં બે વખતની રોટલી પામતા નથી. દુનિયાની કુલ વસ્તીના પચીસ ટકા લોકો ભોજનની કક્ષામાં આવે તેવું ખાઇ શકતા નથી,પૂરતું ખાવા મળતું નથી. ફ્રાન્સની પ્રથમ ક્રાંતિના સમયે લોકો ફ્રાન્સના રાજા લૂઈ ૧૬ માની રાણી મેરી આત્ત્વાઇને રોટી એટલે કે ખાવા બ્રેડ મળતી નથી તેવી ફરિયાદ કરી તો મેરી આંત્વાઇને કહી દીધું કે બ્રેડ ન મળે તો કેક ખાવ!!! ( ખાઉધરીનું બિરુદ પામેલી રાણી બ્રેડકી કિંમત કયા જાને??) બીજા બનાવમાં ફ્રાન્સના ખેડૂતો કાર્વાઇલના ગર્વનર પાસે ખાવાનું મળતું ન હોવાની ફરિયાદ કરી તો એ પરગજુ અને પરોપકારી સજ્જને ઉગાડેલું ઘાસ દેખાડીને કહ્યું કે ચરવા માંડો!!ઇતિહાસમાં આવા ક્રૂર શાસકોની નાગાઈ જોઇને ઉમાશંકરે પ્રસિધ્ધ પંક્તિ લખી છે" ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે તો ખંડેરોની ભસ્મકણી ન લાધશે. નારીની અવદશા રોટી નામની હિન્દી ફિલ્મમાં આલેખવામાં આવેલી. ૧૮૫૭ના વિપ્લવનું નિશાન રોટી રાખવામાં આવેલી. હજુ પણ ગામડામાં બાવા સાધુઓને રામરોટી આપવામાં આવે છે!!જેનાથી ઘણા પરિવારને મધ્યાહ્ન ભોજન મળે છે!!

રોટલી શેકતી વખતે તળવામાં આવે કે તેલ લગાડી શેકવામાં આવે તો પરોણા કે થેપલા બની જાય. તંદૂરમાં શેકવામાં આવે તો તંદૂરી રોટી થઇ જાય. વરસોથી રોટલીનો શેપ ગોળ રહ્યો છે. આપણે ત્રિકોણ ,લંબચોરસ કે ષટ્કોણ રોટલી વિશે ક્યારેય કેમ વિચાર્યું નહીં.

લોટરીની ટિકિટો એ શેક્સ પિયરના નાટકના જાણીતા ડાયલોગ ટુ બી ઓર નોટ ટુ બીનો ઝૂલો છે. અમર આશાઓ સાકાર કરવાનો મનસુબો છે.લોટરી લેનારાઓ શેખચલ્લીના સાતમી પેઢીએ સીધી લીટીના વારસદાર હોય છે! મની ચેનલ જેવું સ્વપ્નિલ સ્પોન્ઝી સ્કિમ છે. જેમાં ફાવે તે ડાહ્યો!

આજથી ચાર દાયકા પહેલા ગુજરાતમાં લોટરીની ટિકિટો વહેંચતી નાના મોટી હાટડીઓ ધમધમતી હતી. વર્તમાનપત્રોમાં અન્ય રાજ્યોની લોટરી જેવી કે પંજાબ, કેરલ, મણિપુર વગેરેની લોટરીઓની આખા પાના અડધા પાનાંની જાહેર ખબર, પ્રથમ ઇનામ જીતનારનો ફોટો-ટિકિટનો ફોટો, લોટરી લાગવાથી બેડો પાર થઇ ગયો તેવા પેઇડ ન્યુઝ-ન્યુઝ સમાચાર તરીકે પ્રસિધ્ધ થતા હતા.ગુજરાત રાજ્યની લોટરી ગુર્જર લોટરીના વિવિધ શહેરોમાં ડ્રો યોજાતા હતા. જેમાં સૌથી મોટું ઇનામ એકવીસ લાખ હતું. નોકરીની શરૂઆતમાં અમે પણ વીસ રૂપિયાની મર્યાદામાં લોટરીની ટિકિટો ખરીદ કરતા હતા. રિઝલ્ટ ન આવે ત્યાં સુધી પ્રેમિકાએ લખેલ લવલેટરની જેમ ટિકિટોની હિફાજત કરતા હતા. જેમ પ્રેમિકા બીજે લગ્ન કરે અને પ્રેમનું દિલ તૂટી જાય એટલે પ્રેમી રોતી આંખે પત્રો, ફોટા, ગિફ્ટ પ્રેમિકાની અતિવિશ્વાસુ બહેનપણી મારફત પ્રેમિકાને પહોંચાડતા હતા અથવા પોતાના સ્વહસ્તે અગ્નિના હવાલે કરતા હતા.??એ દોર યુધિષ્ઠિર ટાઇપના સજ્જન પ્રેમીઓનો હતો. આજકાલ ફોટા, ઓડિયો, અંગત પળોનો વિડીયો વાયરલ કરી પ્રેમીકાને મિત્રો સાથે શેર કરવા કે એટીએમની માફક વારંવાર રૂપિયા પડાવવા, પ્રેમિકાના બીજે લગ્ન ન થાય તેવા પ્રપંચો ખેલવાની જઘન્ય નૃસંશ હીન વૃતિ ધરાવતા વાસનાના વરૂ વધતા જાય છે.લોટરીનું રિઝલ્ટ જાહેર થયેથી સુંદર સપના રદી કાગળમાં પલટાય એટલે હર ફિક્કો ધુએમેં ઉડાડવાની હોય!!!

લોટરીનું પરિણામ નીચેથી ઉપર જોવાય સેમ ટુ સેમ યુનિવર્સિટી પરીક્ષાનું પરિણામ. વરસો પહેલાં યુનિવર્સિટીના પરિણામો વર્તમાનપત્રોના પાના ને પાના ભરીને પ્રસિધ્ધ થતા હતા. પહેલાં એટીકેટી, પછી પાસ કલાસ, પછી સેકન્ડ કલાસ અને પછી ફસર્ટ કલાસ અને છેલ્લે ડિસ્ટિંકશન જોવાનું હોય!! આ રીતે જ છેલ્લા ડિજિટ, બીજા છેલ્લા નંબર ત્રણ, ચાર, પાંચ અને છેલ્લે મોટો નંબર . એકાદ બે વાર દસ, વીસ કે મહતમ પચાસ રૂપિયાનું જંગી ઇનામ મળેલ, પરંતું કોઇ છાપાએ અમારી નોંધ કે છીંકણી લીધી નથી!!

અમારા એક મિત્ર મુકેશભાઈ સુંદર મરોડદાર અક્ષરે ફાઇલ લખતા હતા. એટલુ મરોડદાર એનું જીવન ન હતુ કેન્ટિનમાં ખુરશી પર બેસવાની ગામડિયાની જેમ ચા પીતા હતા. લોટરીના બેહદ શોખીન કે લોટરીખોર હતા. લોટરી પાછળ આંખો પગાર ખરચતા હોય તો નવાઇ નહીં. ઇનામની કેટલી રકમ મળી તે ભગવાન જાણે. તેમનું ઘર બન્યું અને કવાર્ટર ખાલી કર્યું ત્યારે સ્ટીલની પચીસ-ત્રીસ કિલો સમાય તેવી કોઠી ભરીને લોટરીની ટિકિટો મળેલી. આટલી રકમ નાની બચત કે પાંચ વરસે બમણા થતા ઇંદિરા વિકાસપત્રોમાં રોકી હોત તો તે સમયમાં પચાસ સાંઠ લાખ રૂપિયાનો માલિક હોત. લોટરીની ટિકિટથી સિગારેટ, બીડી કે દારૂ જેવી ખતરનાક અને જીવલેણ હોવા છતાં લોટરી સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તેવી સંવૈધાનિક ચેતવણી કેમ લખવામાં આવતી નથી તે રહસ્યમય છે!!

વિદેશમાં એક ભાઇ તેના મિત્ર બિમાર હોઇ તેની ખબર કાઢવા હોસ્પિટલમાં ગયેલ અને ફળોની જગ્યાએ લોટરીની ટિકિટો આપી આવેલા તે ટિકિટ પર હજારો ડોલરની લોટરી લાગી હતી. અમેરિકાના

વર્જિનિયાના એલોન્ઝો કોલમેનને સ્વપ્ન જોવાનો ગાંડો શોખ છે. તેણે સ્વપ્નનામાં વર્જિનિયા લોટરીનો એક નંબર જોયો. બીજા દિવસે સ્વપ્નમાં જોયેલા નંબરવાળી લોટરીની ટિકિટ ખરીદી. કોલમેન માટે બગાસુ ખાતા પતાસું મળ્યું. ભાગ્યશાળીને ભૂત રળે. તેના નસીબ આડેનું પાંદડું ખસી ગયું.તેને અઢી લાખ ડોલર એટલે બે કરોડ રૂપિયાનું ઇનામ લાગ્યું.

લોટરી જીતવાની સંભાવના વધારવાનો સૌથી નિશ્ચિત રસ્તો એ છે કે મોટી સંખ્યામાં ટિકિટ ખરીદવી. એટલે કે, દરેક ડ્રોઇંગ માટે એક નહીં, પરંતુ એક જ સમયે એક ડ્રો માટે ઘણી લોટરી ટિકિટો ખરીદવા. પ્રેક્ટિસ બતાવે છે તેમ, લોટરીમાં મોટો જેકપોટ મારવા માટે ભાગ્યશાળી લોકોમાં, મોટા ભાગના લોકો જેમણે એક સાથે ઘણી લોટરીની ટિકિટો ખરીદી હતી. ઉદાહરણ તરીકે, ૨૦ વર્ષીય બ્રાયન મેકકાર્ટનીએ તાજેતરમાં મેગામિલિયન્સ લોટરીમાં ઇ ૧૦૭ મિલિયન જીત્યા. તેણે અગાઉથી સંયોજનની ગણતરી કરી ન હતી, નસીબદાર સંખ્યાઓનો અનુમાન લગાવવાનો પ્રયાસ કર્યો ન હતો, પરંતુ કમ્પ્યુટર પર ટિકિટ ભરવાની જવાબદારી ખાલી સોંપી હતી. સાચું, બ્રાયન એક લોટરી ટિકિટ નહીં, પરંતુ એક સાથે ૫ ખરીદી, તેથી તેણે બરાબર ૫ વખત જીતવાની તકો વધારી.અમેરિકામાં મેરીલેન્ડમાં એક વ્યક્તિએ ટેકસી ભાડે કરેલી. ટેકસી ડ્રાઇવરનું સાલસ અને મિતભાષી વર્તન તે વ્યકિતને બેહદ પસંદ આવ્યું!!તે વ્યકિતએ તેણે ભાડે કરેલ ટેકસીની નંબરની લોટરીની ટિકિટ ખરીદી . જેના પર ૫૦૦૦૦ ઇ ડોલર એટલે કે ? ૪૦ લાખનું ઇનામ લાગ્યું!!જેની મદદથી ટેકસી ડ્રાઇવરની મદદ કરવા માંગે છે!!

રાજુ રદી કચ્છડો બારેમાસ ની જેમ છકડો બારે માસના નંબરોનું ટીપણું લઇ છકડાના? નંબરોની લોટરીની ટિકિટ લઇ કરોડોના ઇનામ જીતના ચાહતા હૈ, હાંય!!

ભરત વૈષ્ણવ

## દઇ દે

મને તારો લેણદાર બનાવી લે,
ચાલ એક ચુંબન ઉધાર દઇ દે!
હું નખશિખ તારો જ ગુલામ છું.
ગલપટ્ટા લગાવ આધાર લઇ લે
નાની જણસ તારી કને માંગી છે,
લાંબો વિચાર ન કર વારંવાર દઇ દે!!
આસપાસ કોઇક જુવે છે,શું થયું?
આંખો બંધ કરીને ચચ્ચાર દઇ દે!!
ચુંબન સિલકમાં નથી?કોઇવાંધો નથી,
સામટાના બદલે હપ્તેથી યાર દઇ દે!!!
ભરત વૈષ્ણવ
૧૧.૭.૨૦૨૨.

## ડાંગમા મુશળધાર વરસાદે પગલે ઉદભવેલી વિકટ પરિસ્થિતિ વચ્ચે ત્વરિત બચાવ રાહત કામગીરી હાથ ધરાઈ





ડાંગ: દક્ષિણ ગુજરાતમા જુલાઈ માસની શરૂઆતથી જ મુશળધાર વરસાદ શરૂ થયો છે. જે આજદિન સુધી અવિરત પણે વરસી રહ્યો છે. ડાંગ જિલ્લાનો કુલ વિસ્તાર ૧૭૬૬ ચોરસ કિલોમીટર છે. જે પૈકી ૧૩૬૪ ચો. કિ.મી જંગલ વિસ્તાર છે. હાલની સ્થિતિએ વર્ષનો ૫૬.૫૪ ટકા વરસાદ વરસી ચુક્યો છે. જેથી પાણીના અવિરત પ્રવાહને લીધે જંગલ વિસ્તારમાંથી ઝાડો વહી રસ્તા પર આવી જવાની સ્થિતિ ઊભી થયેલી જોવા મળે છે. શ્રી પ્રસાદ રવિ રાધાકૃષ્ણ (આઈ.એફ.એસ) નાયબ વન સંરક્ષક શ્રી, દક્ષિણ ડાંગ વન વિભાગ આહવાના માર્ગદર્શન હેઠળ રસ્તા પર પડી ગયેલા ઝાડ, પથ્થરો, મલબાના ત્વરિત નિકાલ માટે વન વિભાગ નો સ્ટાફ ૨૪/૭ ફરજ બજાવી રહ્યો છે. આવી વિકટ પરિસ્થિતિમા પણ તેમનું રસ્તા પરનુ પેટ્રોલિંગ સતત ચાલુ છે. અવરોધાયેલા રસ્તાને પી.ડબ્લ્યુ.ડી તથા જિલ્લા વહીવટી તંત્રની મદદથી ખુલ્લા રાખવાની કામગીરી હાથ ધરી છે.

આહવા-સાપુતારા રોડ પર આવેલ શિવઘાટનો ધોધ નિહાળવા દરરોજ મોટી સંખ્યામા સહેલાણીઓ આવે છે. જેમા આહવા-સાપુતારા રોડ ઉપર મોટી સંખ્યામા વાસના ઝૂંડ તેમજ અન્ય ઝાડ રસ્તા ખડી પડ્યા હતા. જેને વન-વિભાગની ટીમે અન્ય કર્મીઓ સાથે મળી, રસ્તા ખુલ્લા કરવામા પોતાની ભૂમિકા ભજવી છે. તેવી જ રીતે સાપુતારા જેવા ચડાણ વિસ્તારમા પણ ઉભી થતી વિપરીત પરિસ્થિતિમા વનકર્મીઓ ૨૪ કલાક હાજર રહી ફરજ બજાવી રહ્યા છે. વ ઘ ઈ -સાપુતારા રોડ પર સૌથી વધુ પ્રવાસીઓનો ઘસારો તેના ગીરાધોધ અને બોટાનીકલ ગાર્ડનને જોવા માટે રહે છે. આવી સ્થિતિમા વઘઈ રેન્જ નો સ્ટાફ અવિરત પણે રોડ પર પેટ્રોલિંગ કરી, પ્રવાસીઓ માટે રસ્તો ખુલ્લો કરી રહ્યા છે. વરસાદમા કોઈ વિકટ પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે દક્ષિણ ડાંગ વન વિભાગ સેવા બજાવી રહ્યો છે. આ ઉંપરાત ડાંગના ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશભાઇ રબારીએ જણાવ્યુ હતુ કે, ડાંગમા અતિશય વરસાદની પરિસ્થિતિના પગલે વન વિભાગની ટિમ, જિલ્લા વહીવટી તંત્ર સાથે વિવિધ પ્રકારની બચાવ કામગીરી કરી રહી છે. ખાસ કરીને ઉત્તર વન વિસ્તારમા અંતરિયાળ જંગલ વિસ્તારમા ઘણા ગામડાઓ વસેલા છે. આ વિસ્તારમા વાહન વ્યવહાર જળવાઈ રહે તે માટે, વન વિભાગની વિવિધ ટીમો દ્વારા જ્યારે, રોડ ઉપર વૃક્ષો પડે છે ત્યારે તેના નિકાલ માટે જેસીબી અને માણસોથી કામ લેવામા આવી રહ્યુ છે. છેલ્લા ૩ દિવસથી અવિરત વરસાદને કારણે લવચાલી-આહવા રોડ, લવચાલી-સુબિર રોડ, સુબિર-મહાલ રોડ ઉપર વિવિધ વૃક્ષો પડી ગયા હતા. જેમા જેસીબી તેમજ માણસોની મદદથી ત્વરિત નિકાલ કરવામા આવ્યો હતો. ગતરોજ આહવા-મહાલ રોડ ઉપર ભુસખલન અને લેન્ડસ્લાઇડની પરિસ્થિતિ સર્જાઇ હતી. જેમા ૩ જેસીબી અને ૫૦ વનકર્મીઓ દિવસ રાત કામે લાગ્યા હતા. સ્થાનિક લોકોને જીવન જરૂરિયાતની વસ્તુઓમા અગવડતાના પડે તે માટે તંત્ર કટિબદ્ધ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 114
વિભાગ : પદ્ય

શબ્દ : દ્રષ્ટિ
શીર્ષક: ઈચ્છાના ઓરતા
શબ્દ સંખ્યા- ૬૦
રચના-
ઈચ્છાના ઓરતા
ઓઢીને
બેઠેલી એ સ્ત્રી ,
ભૂતકાળમાં સજાવેલા
રંગબેરંગી સપનાઓને
દ્રષ્ટિ જ્યાં પહોંચે
ત્યાં સુધી એક પછી એક
ઉઘાડી રંગો પુરી શણગારવા લાગી,
થોડી ક્ષણો પછી બાળકના રડવાના
અવાજે તંત્રા તોડી આંખો કોરી કરી સળસડાટ
ફરી હકીકતની દુનિયામાં
પાછી ફરી
બાળકને ગોદમાં લઈ હોઠને મલકાવ્યા.
કથીરીયા પ્રવિણા 'પવી'નવસારી.

# શાહજહાંએ તાજમહેલ માટે ટેન્ડર બહાર પાડ્યું નહતું : ગોવાના મંત્રી

પણજી,તા.૧૪

ગોવાની રાજધાની પણજીમાં કલા અકાદમી ભવનના નવીનીકરણ માટે રૂ. ૪૯ કરોડનો વર્ક ઓર્ડર ફાળવવામાં આવ્યો છે. જેના પર ગોવા ફોરવર્ડ પાર્ટીના ધારાસભ્ય વિજય સરદેસાઈએ સવાલો ઉઠાવ્યા છે અને જાણવા માંગ્યું છે કે ઓર્ડર ફાળવતી વખતે કલા અને સંસ્કૃતિ વિભાગની કેટલીક પ્રક્રિયાઓને કેમ બાયપાસ કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં ગોવાના કલા અને સંસ્કૃતિ મંત્રી ગોવિંદ ગૌડેએ તેમના વિભાગની કાર્યવાહીનો બચાવ કર્યો છે.

રાજ્યના કલા અને સંસ્કૃતિ પ્રધાન ગોવિંદ ગૌડેએ પણજીમાં પ્રતિષ્ઠિત કલા અકાદમી બિલ્ડિંગના નવીનીકરણના કામ માટે ફાળવણીના કેસમાં તેમના વિભાગની કાર્યવાહીનો બચાવ કરતા ખૂબ જ વિચિત્ર નિવેદન આપ્યું છે. વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન બોલતા ગોવિંદ ગૌડેએ કહ્યું હતું કે શાહજહાંએ તાજમહેલના નિર્માણ માટે ટેન્ડર બહાર પાડ્યું ન હતું.

ગોવા ફોરવર્ડ પાર્ટીના ધારાસભ્ય વિજય સરદેસાઈએ ગોવા વિધાનસભાના ચોમાસા સત્રના પ્રશ્નકાળ દરમિયાન કલા અકાદમી બિલ્ડિંગના નવીનીકરણ માટે રૂ. ૪૯ કરોડના વર્ક ઓર્ડરની ફાળવણી પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે આર્ટ એન્ડ કલ્ચર ડિપાર્ટમેન્ટને ફાળવણી દરમિયાન શા માટે સાઇડલાઇન કરવામાં આવ્યું.

આવી સ્થિતિમાં, તેમના વિભાગની કાર્યવાહીનો બચાવ કરતા, ગોવિંદ ગૌડેએ તાજમહેલ અને શાહજહાંનું ઉદાહરણ આપ્યું અને કહ્યું કે 'તાજમહેલ હંમેશા સુંદર રહે છે કારણ કે શાહજહાંએ આગ્રામાં તેને બનાવવા માટે કોઈ ટેન્ડર બહાર પાડ્યું ન હતું.'

તેણે વધુમાં કહ્યું કે તેના સાથીઓએ આગ્રાનો તાજમહેલ જોયો જ હશે. જેનું નિર્માણ ૧૬૩૨માં શરૂ થયું હતું અને તેનું કામ ૧૬૫૩માં પૂર્ણ થયું હતું પરંતુ તે આજે પણ સુંદર દેખાય છે.ગોવિંદ ગૌડે (કળા અને સંસ્કૃતિ મંત્રી ગોવિંદ ગૌડે)એ કહ્યું કે તાજમહેલ ૩૯૦ વર્ષથી એટલો જ સુંદર રહ્યો છે જેટલો હતો, આ કારણ છે કે શાહજહાંએ તાજમહેલ બનાવતી વખતે તેના માટે ટેન્ડર માંગ્યું ન હતું.

જણાવી દઈએ કે જીએફપી ધારાસભ્ય વિજય સરદેસાઈએ આરોપ લગાવ્યો છે કે વિભાગે કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગના નિયમોનું ઉલ્લંઘન કરીને ટેકટન બિલ્ડકોન્સ પ્રાઈવેટ લિમિટેડને નવીનીકરણનું કામ ફાળવ્યું છે.

### પીએફઆઈના ખતરનાક ઈરાદા!
## વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવાની યોજના પર કામ ચાલી રહ્યું હતું

પટણા,તા.૧૪

દેશમાં ફરી એકવાર સિમીના સભ્યો કાર્યરત થયા છે, જે ચિંતાજનક બાબત છે,પીએફઆઇના સંઘટનની રચના કરીને આતંકવાદની પ્રવૃતિ ચલાવતા હતા,આ સંગઠની બાતમી મળતા પોલીસે દરોડા પાડ્યા હતા,અને તેના સભ્યોની ધરપકડ કરી હતી , પુછપરછમાં મોટા ખુલાસાઓ સામે આવ્યા છે. બિહારના ફુલવારી શરીફમાં આતંકની શાખા ચાલતી હતી. માર્શલ આર્ટ અને ફિઝિકલ એજ્યુકેશનના નામે રાષ્ટ્રવિરોધી હથિયારોનો ઉપયોગ કરવાની



તાલીમ આપવામાં આવી રહી હતી. દિલ્હી આઈબીના ઈનપુટ્સ પર, ફુલવારી શરીફની પોલીસ ટીમે દેશ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ પ્રતિબંધિત કટ્ટરપંથી સંગઠન સિમીના ભૂતપૂર્વ સભ્ય અતહર પરવેઝ અને ઝારખંડ પોલીસના નિવૃત્ત પોલીસ અધિકારી મો જલાલુદ્દીનની ધરપકડ કરી હતી. આ બંને હાલમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) અને સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા (એસડીપીઆઈ)ના સક્રિય સભ્યો છે. પીએફઆઈના ધ્વજ, પેમ્ફલેટ, પુસ્તિકા અને ગુપ્ત દસ્તાવેજોની સાથે ભારતને ૨૦૪૭ સુધીમાં ઈસ્લામિક રાજ્ય બનાવવાના અભિયાન સાથે જોડાયેલા દસ્તાવેજો મળી આવ્યા છે.

પરવેઝ હાલમાં ફુલવારીના ગુલિસ્તાન મોહલ્લામાં રહેતો હતો અને તેણે નિવૃત્ત ઈન્સ્પેક્ટર મો જલાલુદ્દીનના આમદ પેલેસ નયા ટોલામાં ૧૬ હજારમાં ભાડાનો ફ્લેટ લઈને પીએફઆઈ અને એસડીપીઆઈની ઓફિસ ખોલી હતી. અહીંથી જ દેશી વિરોધીઓ કામ કરતા હતા અને મો જલાલુદ્દીન પણ આ વાતથી સંપૂર્ણ વાકેફ હતા.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

**કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૬,૮૦૪ કરોડનું રેકોર્ડ નોશનલ ટર્નઓવર**

એમસીએક્સ પર ક્રૂડ તેલના ઓપ્શન્સમાં રૂ.૩૯,૧૭૭ કરોડનું દૈનિક ઊંચું કામકાજ: સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૮૦૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૦૭૦ કરોડનું ટર્નઓવર

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૮,૮૯૧ સોદાઓમાં કુલ રૂ.૧૯,૮૯૭.૮૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૮૦૯.૩૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨૦૭૦.૪૬ કરોડનો હતો.

દરમિયાન, મંગળવાર, ૧૨ જુલાઈના રોજ એમસીએક્સ પર વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૬,૮૦૪.૧૭ કરોડનું રેકોર્ડ નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. આ સાથે જ ક્રૂડ તેલના ઓપ્શન્સમાં રૂ.૩૯,૧૭૭ કરોડનું ચાલુ નાણાકીય વર્ષનું સૌથી ઊંચું કામકાજ થયું હતું, જે ઓપ્શન્સમાં ટ્રેડરોનો વિશેષ રસ દાખવે છે.

બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૨,૭૧૫ સોદાઓમાં કુલ રૂ.૨,૮૪૭.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૪૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૬૨૮ અને નીચામાં રૂ.૫૦,૪૩૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૬ વધી રૂ.૫૦,૬૦૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૨ વધી રૂ.૪૦,૬૦૪ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭ વધી રૂ.૫,૦૫૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૦ વધી રૂ.૫૦,૬૫૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૪૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૫૪૫ અને નીચામાં રૂ.૫૬,૩૦૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧ ઘટી રૂ.૫૬,૪૩૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૪ ઘટી રૂ.૫૬,૮૯૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૮ ઘટી રૂ.૫૬,૯૧૩ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૨,૪૮૩ સોદાઓમાં કુલ રૂ.૨,૬૫૦.૭૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૬૪૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૭૬૦ અને નીચામાં રૂ.૭,૬૦૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૮ વધી રૂ.૭,૭૦૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૨૦ વધી રૂ.૫૧૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૧૧ સોદાઓમાં રૂ.૬૦.૦૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૪૮.૫૦ બોલાઈ રહ્યો હતો. કોટન જુલાઈ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૨,૩૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૨,૪૫૦ અને નીચામાં રૂ.૪૧,૬૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ ઘટી રૂ.૪૨,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૧૦ ઘટી રૂ.૯૯૮.૮૦ થયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૩૪.૬૯ કરોડનાં ૩,૨૩૦.૦૨૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૨૧૨.૭૩ કરોડનાં ૨૧૩.૮૯૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૮૧.૩૬ કરોડનાં ૧૬,૭૪,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૩૬૯ કરોડનાં ૨૭૦૪૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૯.૨૦ કરોડનાં ૧૧૯૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦.૬૯ કરોડનાં ૧૦૬.૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૩૫૩.૪૯૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૧૩૨.૨૩૦ ટન, ક્રૂડ તેલમાં ૬૮૩૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૨૩૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૩૯૨૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૬૦૮.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૭.૯૫ કરોડનાં ૨૫૬ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૦૧૨ના સ્તરે ખૂલી, ૨૨ પોઈન્ટ વધી ૧૪,૦૩૭ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨,૦૭૦.૪૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬૪.૨૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦,૧૩૯.૫૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૩૪.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૧૯.૭૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૬૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૭ અને નીચામાં રૂ.૬૧ રહી, અંતે રૂ.૪.૪૦ વધી રૂ.૮૪.૪૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૬.૯૦ અને નીચામાં રૂ.૩૩.૨૦ રહી, અંતે રૂ.૧૧.૫૦ વધી રૂ.૪૪.૨૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૭.૫૦ અને નીચામાં રૂ.૧૨૦ રહી, અંતે રૂ.૩ ઘટી રૂ.૧૩૧.૫૦ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૦ અને નીચામાં રૂ.૧૬૦ રહી, અંતે રૂ.૩૦ ઘટી રૂ.૧૭૯ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૪.૫૦ અને નીચામાં રૂ.૩૩૦ રહી, અંતે રૂ.૧૫.૫૦ વધી રૂ.૩૯૭.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૭.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૯ અને નીચામાં રૂ.૯૪.૧૦ રહી,

# મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને મધ્યપ્રદેશ પૂરના કારણે હાહાકાર મચી ગયો

### ચાર રાજ્યોમાં અત્યાર સુધીમાં ૨૭૦ થી વધુ લોકોના મોત

નવીદિલ્હી,તા.૧૪

દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ પછી, પૂરને કારણે ખરાબ પરિસ્થિતિ છે. મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં પૂરે તબાહી મચાવી છે. પૂરના કારણે અત્યાર સુધીમાં ૨૭૦થી વધુ લોકોના મોત થયા છે. સ્થિતિને જોતા થાણેની તમામ શાળાઓને ધોરણ ૧૨ સુધી બંધ કરી દેવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પૂર અને વરસાદને કારણે અત્યાર સુધીમાં ૮૯ લોકોના મોત થયા છે, ગુજરાતમાં ૮૩ લોકોના મોત થયા છે. નવસારીમાં શાળા-કોલેજો બંધ રાખવામાં આવી છે. રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. મધ્યપ્રદેશમાં આકાશી આફતે તબાહી મચાવી છે. છિંદવાડાથી હરદા સુધી સ્થિતિ ખરાબ છે. હવામાન વિભાગે એમપીના પાંચ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

મહારાષ્ટ્રના પાલઘરમાં વૈતરણા નદીમાં પૂર આવ્યું છે. સર્વત્ર પાણી જ પાણી દેખાય છે. નદી કિનારે આવેલા ગામો પાણીમાં ગરકાવ થવા લાગ્યા છે. પાલઘરના વહાડોલીમાં કામ કરવા ગયેલા ૧૩ મજૂરો વૈતરણા નદીમાં ફસાઈ ગયા. કલાકો સુધી ઓપરેશન ચાલ્યું. પાણીના જોરદાર પ્રવાહને કારણે એનડીઆરએફને બચાવ કામગીરીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદને કારણે નદીના જળસ્તર સતત વધી રહ્યા છે. જ્યારે મોડી રાત સુધી મજૂરોને બહાર કાઢવામાં કોઈ સફળતા મળી ન હતી ત્યારે રાજ્ય સરકાર પાસે મદદ માંગવામાં આવી હતી.

પાલઘર જિલ્લામાં વહેતી તાનસા નદી પણ ખતરાના નિશાનને વટાવી ગઈ છે. સ્થિતિ એવી બની છે કે તાનસા નદી પર બનેલો પુલ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. તાનસી નદી પરનો ગોરાડ પુલ પાણીમાં ડૂબી જવાથી પાલઘરના વાડા તાલુકાના ઘણા ગામોનો સંપર્ક તૂટી ગયો છે. પાલઘરમાં પૂર અને વરસાદને કારણે બેવડી હાલાકી થઈ રહી છે. એક તરફ ગામડાઓમાં પાણી ભરાવાના કારણે લોકોની મુશ્કેલી વધી રહી છે તો બીજી તરફ ભૂસ્ખલનથી લોકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. બુધવારે પાલઘર નજીક અમદાવાદ-મુંબઈ હાઈવે પર ભૂસ્ખલનને કારણે રસ્તો બંધ થઈ ગયો હતો. બીજી તરફ થાણેમાં ભારે વરસાદને કારણે નાળાઓ ભરાઈ જવાને કારણે ૭ વર્ષનો બાળક પાણીમાં તણાઈ ગયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે બાળક સાઈકલ ચલાવી રહ્યો હતો અને અચાનક તેનું સંતુલન બગડ્યું અને તે પાણીમાં પડી ગયો. દુર્ઘટનાના સમાચાર મળ્યા બાદ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બાળકની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ મોડી રાત સુધી બચાવ ટીમને કોઈ સફળતા મળી ન હતી, થાણેમાં પૂરની સ્થિતિને જોતા શાળાઓમાં બે દિવસ રજા આપવામાં આવી છે. ગોંદિયામાં પણ પૂરના કારણે આખો રસ્તો ધોવાઈ ગયો હતો. મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાંથી આવા સમાચાર આવી રહ્યા છે.

મધ્યપ્રદેશમાં આકાશી આફતએ તબાહી મચાવી છે. ભારે વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ક્યાંક પુલ ધોવાઈ ગયો છે તો ક્યાંક લોકો પૂરમાં ધોવાઈ ગયા છે. છિંદવાડાની જામ નદી પૂરજોશમાં છે. વરસાદી પાણી રોડ ઉપર વહી રહ્યા છે. પાણીનો પ્રવાહ ખૂબ જ ઝડપી છે. છિંદવાડામાં રહેણાંક વિસ્તારોમાં પણ પૂરના પાણી ઘૂસી ગયા છે. ગામડાઓ પાણીમાં ડૂબી ગયા છે. એવું કોઈ ઘર બાકી નથી કે જે પાણીમાં ડૂબી ન હોય. આવી સ્થિતિમાં તેમની સામે ખાવા-પીવાનું સંકટ પણ શરૂ થઈ ગયું છે. છિંદવાડામાં આ દિવસોમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ તૂટી ગયા છે. પાણી પુલ પણ ધોવાઈ ગયો છે. લોકોને આવવા-જવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. છિંદવાડાના સોસરમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદને કારણે ખીજડા નજીક પુલ તૂટી ગયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે પાણી ભરાયા બાદ નાગપુર હાઈવે લાંબા સમય સુધી બંધ રહ્યો હતો. હવામાન વિભાગએ મધ્યપ્રદેશના ૫ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવી સ્થિતિમાં આજે પણ એમપીના અનેક જિલ્લાઓમાં તાંડવ થઈ શકે છે.

ગુજરાતના નવસારીમાં પૂરનું વિકરાળ સ્વરૂપ જોવા મળ્યું હતું.

નવસારીમાં નદીના પરના પુલ પરથી પાણી પસાર થઈ રહ્યું છે. પહેલા થોડો પુલ દેખાતો હતો, પણ અચાનક નદીમાં જોરદાર બૂમ આવી, નદીના મોજા દરિયાના મોજામાં ફેરવાઈ ગયા. મોજા પુલ ઉપર કેટલાય ફૂટ સુધી ઉછળતા જોવા મળ્યા હતા. એક ક્ષણ માટે એવું લાગ્યું કે નદીનું આ વિકરાળ સ્વરૂપ પુલને છીનવી નહીં લે. નદીઓમાં પૂરના કારણે રહેણાંક વિસ્તારોને અસર થવા લાગી છે. રહેણાંક વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. મકાનોના નીચેના માળ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. લોકો ઘરોમાં કેદ થઈ ગયા છે, નવસારીમાં પૂરની સ્થિતિને જોતા શાળા-કોલેજોમાં રજા આપવામાં આવી છે.

# ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગૌશાળાઓ - પાંજરાપોળોની સહાય યોજનાની વિગતો વેબસાઈટ ઉપર ઉપલબ્ધ, ગૌશાળાઓ-પાંજરાપોળોને લાભ લેવા અપીલ

રાજયની રજીસ્ટર્ડ ગૌશાળાઓ અને પાંજરાપોળો તથા ગ્રામ પંચાયતોને ધ્યાન દોરતા જણાવવાનું કે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે બોર્ડની વિવિધ સહાયકારી યોજનાઓ આઈ-ખેડૂત પોર્ટલ પર મુકવામાં આવેલ છે. યોજનાના ઠરાવ તેમજ શરતો અને બોલીઓની વિગતો બોર્ડની Website: http://gauseva.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. આઈ-ખેડુત પોર્ટલ પર તા. ૦૧-૦૭-૨૦૨૨ થી તા.૩૧-૦૭-૨૦૨૨ દરમ્યાન અરજીઓ સ્વીકૃત કરવામાં આવશે. ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ કાઢી, પશુ ચિકિત્સા અધિકારીશ્રી અને જીલ્લા નોડલ અધિકારીશ્રીની ભલામણ સહીત અને અરજી અરજી ફોર્મમાં જણાવેલ બિડાણ સહિત અરજી, ઓનલાઈન કર્યા તારીખથી દિન-૩૦ પહેલા બોર્ડને ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, બ્લોક નં. ૭/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર પર બોર્ડને મોકલી આપવાની રહેશે.

આ યોજનાઓનો લાભ ગુજરાતની તમામ ગૌશાળાઓ-પાંજરાપોળોને મળે અને સરકારની ભાવના પણ સાચા અર્થમાં સાર્થક થાય તેવી ઉમદા અને પવિત્ર ભાવનાથી સમસ્ત મહાજનનાં ૨૦ કર્મયોગી કર્મચારીઓ અને સેવાભાવી કાર્યકર્તાઓની ટીમ ગુજરાતનાં લગભગ તમામ જિલ્લાઓમાં અને શકય હશે તો તમામ તાલુકા મથકે પણ ગુજરાતની ૧૧૦૦ ગૌશાળાઓ-પાંજરાપોળોને રૂબરૂ જઈ આ યોજનાની જાણકારી, કાગળો આપી ફોર્મ ભરવામાં પણ મદદ રૂપ થઈ અને ત્યારબાદ રાજય સરકાર સાથે પણ સંકલન કરાવવા મદદરૂપ થાય તે પ્રકારની રણનીતિનો અમલ શરૂ થઈ ચૂકયો છે.ગુજરાત સરકારની આ યોજનાઓનો લાભ લેવા ગૌશાળા-પાંજરાપોળોને એનીમલ વેલફેર બોર્ડનાં ગીરીશભાઈ શાહ, મિતલ ખેતાણી, દેવેન્દ્ર જૈને અપીલ કરી છે.

# ડાંગ જિલ્લામા છેલ્લા ચોવીસ કલાકમા નોંધાયો સરેરાશ ૨૧૯.૭૫ મી.મી. વરસાદ

**જિલ્લાના ૨૯ માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા : ૪૯ ગામો પ્રભાવિત**
**શામગહાન-સાપુતારા નેશનલ હાઈ વે હજી પણ વાહન વ્યવહાર માટે બંધ**

આહવા: તા: ૧૪: આજે સવારે છ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન, ડાંગ જિલ્લામા સરેરાશ ૨૧૯.૭૫ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે.

જિલ્લાના ૨૯ માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા : ૪૯ ગામો પ્રભાવિત : -

શામગહાન-સાપુતારા નેશનલ હાઈ વે હજી પણ વાહન વ્યવહાર માટે બંધ ; વરસાદ

જિલ્લા ફલડ કંટ્રોલ કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, આહવા તાલુકામા ચોવીસ કલાક દરમિયાન ૧૯૩ મી.મી. (મોસમનો કુલ વરસાદ ૧૫૩૩ મી.મી.), વઘઈનો ૨૪૭ મી.મી. (કુલ ૧૪૬૨ મી.મી.), સુબિર તાલુકાનો ૨૭૦ મી.મી. (કુલ ૧૪૩૨ મી.મી.), અને સાપુતારા પંથકનો છેલ્લા ચોવીસ કલાકનો ૧૬૯ મી.મી. (મોસમનો કુલ ૧૨૮૮ મી.મી.) મળી જિલ્લામા કુલ ૮૭૯ મી.મી. વરસાદ નોંધાતા, અહીં સરેરાશ ૨૧૯.૭૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે ડાંગ જિલ્લાનો ચાલુ વર્ષનો મોસમનો કુલ વરસાદ ૫૭૧૫ મી.મી. એટલે કે સરેરાશ ૧૪૨૮.૭૫ મી.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે.

**તંત્રની ચાંપતી નજર**

ડાંગમા સતત થઈ રહેલા ભારે વરસાદને કારણે અહીંની પૂર્ણા, અંબિકા, ખાપરી, અને ગીરા નદીઓમા ઘોડાપુરની સ્થિતિ સર્જાવા પામી છે. જેને લઈને હેઠવાસના જિલ્લાઓ ખાસ કરીને નવસારી અને સુરત સાથે, જિલ્લાના ડિઝાસ્ટર તંત્રે સતત સંપર્ક સેતુ જાળવી, અગમચેતીના પગલા હાથ ધરવાની અપીલ કરી છે.

ડાંગમા ઠેર ઠેર નિચાણવાળા માર્ગો ઉપર પાણી ફરી વળ્યા છે, તો ઘાટ માર્ગમા ભુસ્ખલન, વૃક્ષો વિગેરે ઘરાશાઈ થતા જનજીવન પ્રભાવિત થયુ છે.

જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડયા સતત સ્થિતિ ઉપર નજર રાખી, લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓને માર્ગદર્શન આપી રહ્યા છે.

**૨૯ માર્ગો અવરોધાયા, ૪૯ ગામો પ્રભાવિત**

ડાંગમા ભારે વરસાદને પગલે સવારે આઠ વાગ્યાની સ્થિતિએ ડાંગ જિલ્લાના ૨૯ જેટલા માર્ગો, અને લો લેવલ કોઝ વે ઉપર પાણી ફરી વળતા આ માર્ગો વાહન વ્યવહાર માટે બન્ધ કરાયા છે.

જિલ્લાના જે માર્ગો અસરગ્રસ્ત થયા છે તેમા (૧) સતી-વાંગણ-કુત્તરનાચ્યા રોડ, (૨) બોરખલ-ગાયખાસ-ચવડવેલ રોડ, (૩) ભવાનદગડ-ધુલચોન્ડ-આમસરવલણ રોડ, (૪) ટાકલીપાડા-લહાન દભાસ-મોટી દભાસ રોડ,(૫) બારીપાડા-રાનપાડા-ભાપખલ, (૬) કાકડવિહીર-ખેરીન્દ્રા-ચમારપાડા રોડ, (૭) પીપલદહાડ-જોગથવા રોડ, (૮) બંધપાડા વી.એ. રોડ, (૯) શિંગાણા-ધુલદા રોડ, (૧૦) ચીખલી-લવચાલી રોડ, (૧૧) પીપલાઈદેવી-જુન્નેર-ચીંચવિહીર રોડ, (૧૨) લવચાલી-ચિંચલી રોડ, (૧૩) નાનાપાડા-કુમારબંધ-બોરદહાડ રોડ, (૧૪) આંબાપાડા વી.એ.રોડ, (૧૫) ઘોડવહળ વી.એ.રોડ, (૧૬) આહેરડી-બોરદહાડ રોડ, (૧૭) ખાતળ-માછળી રોડ, (૧૮) ચીખલદા વી.એ.રોડ, (૧૯) ખાતળ ફાટક થી ઘોડી રોડ, (૨૦) સુસરદા વી.એ.રોડ, (૨૧) ધાનગડી-કાનત ફળિયા રોડ, (૨૨) માછળી-ચીખલા-દિવડયાવન રોડ, (૨૩) વાંઝટઆંબા-કોયલીપાડા રોડ, (૨૪) કુડકસ-કોશિમપાતળ રોડ, (૨૫) ઢાઢરા વી.એ.રોડ, (૨૬) કાલીબેલ-પાંઢરમાળ-વાંકન રોડ, (૨૭) પાતળી-ગોદડીયા રોડ (૨૮) ભેંસકાતરી-કાકરદા-ભોન્ગડીયા-એન્જીનપાડા રોડ, અને (૨૯) દોડીપાડા-ચિકાર ફળિયા રોડ યાતાયાત માટે બન્ધ થવા પામ્યા છે. આ માર્ગો બન્ધ થવાથી ૪૯ ગામો અસરગ્રસ્ત થવા પામ્યા છે. વહીવટી તંત્રે વાહનચાલકોને આ માર્ગોને બદલે સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.

નરેન્દ્ર પવાર, ડાંગ

# જુલાઈમાં જળબંબાકાર વરસાદ સામે રાજ્ય સરકારની આયોજનબદ્ધ કામગીરીથી નુકશાન નિયંત્રણમાં

**જાનમાલના નુકશાનને નિયંત્રણમાં રાખી શકાયું, ૩૩ હજારથી વધુ લોકો સ્થળાંતરિત કરાયાં**
**૧૫૬ નગરપાલિકાઓમાં સફાઈ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ? ૧૭.૧ કરોડની જાહેરાત**
**પ્રભાવિત વિસ્તારોમાં સર્વેની કામગીરી શરૂ**

૧૪ જુલાઈ, ગાંધીનગરઃ શરૂઆતના ૧૫ દિવસમાં જ ગુજરાતમાં સીઝનનો ૪૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જોકે ભૂપેન્દ્ર પટેલ સરકારે આ બાબતે સમયસર રાહત અને બચાવ કાર્ય સમગ્ર ગુજરાતમાં શરૂ કરી દીધું હતું અને જિલ્લા વહીવટીતંત્રને તાત્કાલિક યોગ્ય કામગીરી માટે સૂચનાઓ આપવામા આવી હતી. તેના લીધે રાજયમાં જાનમાલના નુકશાનને નિયંત્રણમાં રાખવામાં સફળતા મળી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, "રાજય સરકારના સમયસર લેવાયેલા નિર્ણયોથી જાનમાલના નુકશાનને નિયંત્રણમાં રાખી શકાયું છે. રાજયભરમાં અત્યારે ૧૮ એનડીઆરએફની ટીમ કાર્યરત છે. તે સિવાય ૧૮ એસડીઆરએફ પ્લાટૂન પણ મોકલવામા આવી છે. એનડીઆરએફ અને એસડીઆરએફ મળીને કુલ ૮ ટીમ રિઝર્વમાં છે. ૩૩ હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામા આવ્યા છે."

તંત્ર દ્વારા પ્રભાવિત વિસ્તારનો સર્વે કરીને નુકશાનનો અંદાજ મેળવવામા આવશે. લોકોને આશ્રયસ્થળોએ સુરક્ષિત વાતાવરણમાં ખસેડીને ભોજન અને જરૂરી સામાન પ્રદાન કરવામા આવી રહ્યો છે. અનરાધાર વરસાદના લીધે ૫૧૫૦ જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. તેમાંથી ૫૧૧૦ ગામડાઓમાં સફળતાપૂર્વક રિપેરિંગ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ ૧૭.૧ કરોડ ૧૫૬ નગરપાલિકાઓને ફાળવ્યા છે જે સફાઈ કામગીરી, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિતના કામોમાં ઉપયોગમાં લેવાશે. રાજય વહીવટીતંત્ર સોશિયલ મીડિયાના માધ્યમથી બંધ રોડ, ઈમરજન્સી હેલ્પલાઈન અને વરસાદની પેટર્ન અંગે લોકોને સમયસર માહિતગાર કરી રહ્યું છે.

ખેડૂતોએ આ સમયે ૪૪,૩૬,૯૮૦ હેક્ટરથી વધુની જમનીમાં ખરીફ પાકની વાવણી કરી છે. તે ૫૦ ટકાથી વધુ ખરીફ વિસ્તાર છે. મોટાભાગના ડેમ ૫૦ ટકા જેટલા પાણીથી ભરાઈ ગયા છે. સરદાર સરોવર ડેમમાં ૪૮ ટકા પાણી ભરાયું છે.

ડેટા પર નજર કરીએ તો આ વર્ષે જુલાઈમાં ૧૪ દિવસમાં જે એવરેજ વરસાદ નોંધાયો છે તે ગત વર્ષની સરખામણીએ બમણાથી પણ વધુ છે. ગત વર્ષે આંકડો ૧૫૫.૯૨ દ્વદ્વ હતો જે આ વર્ષે ૩૯૭.૦૨ દ્વદ્વ છે. રાજયનો એવરેજ વરસાદ ૮૫૦ દ્વદ્વ છે. નોંધપાત્ર બાબત એ છે કે જુલાઈ મહિનાના કુલ વરસાદનો ૫૦ ટકા વરસાદ ૮-૧૧ જુલાઈ ૨૦૨૨ સુધીમાં જ ૨૦ તાલુકામાં નોંધાઈ ગયો છે. દરેક તાલુકામાં આજ દિન સુધી ૫૦ દ્વદ્વથી વધુ વરસાદ પડ્યો છે. આ દાયકામાં પહેલી વખત છે કે જુલાઈમાં ગુજરાતમાં આટલી પ્રચંડ માત્રામાં વરસાદ પડ્યો હોય.

**એનડીઆરએફ ટીમે જીવના જોખમે લોકોને બચાવ્યા**

જુલાઈ ૧૧, ૨૦૨૨ના આ ઘટના બની હતી.

# આઈએએસ અધિકારી કે.રાજેશની ધરપકડ કરવામાં આવી



ગાંધીનગર,તા.૧૪

ગુજરાતના આઈએએસ અધિકારી કે. રાજેશની ધરપકડ કરવામાં આવી છે. લાંબી તપાસ બાદ આખરે કે. રાજેશની સીબીઆઈની ટીમે તેમની ધરપકડ કરી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે,આઈએએસ અધિકારી કે.રાજેશ પર કલેક્ટર પદેથી વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આરોપ લગાવ્યો છે. ગુજરાતના આઈએએસ અધિકારી કે.રાજેશ સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર છે. સામાન્ય વહિવટ વિભાગમાં સંયુક્ત સચિવ છે. પરંતુ હાલ તેમની ધરપકડ કરી લેવામાં આવી છે.

આઈએએસ ઓફિસર સામેના આરોપો જોઈએ તો કે રાજેશે કથિત રીતે લાંચ સ્વીકારી હતી,શસ્ત્ર લાઈસન્સ ઈસ્યૂ કરવા માટે,- અયોગ્ય લાભાર્થીઓને સરકારી જમીન આપવા માટે,- ગેરકાયદેસર/અધિક્રમણવાળી જમીન ગેરકાયદેસર લાભાર્થીઓને નિયમિત કરવા માટે,- અન્ય લોકો સાથે મિલીભગતથી પોતાની સત્તાનો દુરુપયોગ કરીને વન વિભાગની મંજુરી વિના સૌર ઊર્જા ઉત્પાદન માટે આરક્ષિત જંગલની જમીન ભાડે આપી હતી કે રાજેશે ૨૭૧ જેટલા શસ્ત્ર લાયસન્સ ઈસ્યૂ કર્યા હતા, જેમાંથી ૩૯ એસપી દ્વારા નકારાત્મક ભલામણો છતાં ઈસ્યૂ કરવામાં આવ્યા હતા, જે લાંચ ચૂકવવામાં આવી હોવાના ફરિયાદીઓના આક્ષેપો થયા છે.

સીબીઆઈના દરોડાનો સામનો કરી રહેલા આઈએએસ અધિકારીઓ મૂળ આંધ્રપ્રદેશના છે. ગુજરાત કેડરમાં ૨૦૧૧આઈએએસ અધિકારીઓ છે. હાલમાં તેઓ સામાન્ય વહીવટ વિભાગના એનઆરઆઈ અને એઆરટી વિભાગના સંયુક્ત સચિવ છે.

**ખેડૂતો માટે ખુશખબર**

# ઉનાળું મગની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોની નોંધણી હવે ગ્રામ્ય કક્ષાએથી પણ કરી શકાશે

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માટે મગ પાક માટે ટેકાનો ભાવ રૂ.૭૨૭૫/ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવેલ છે. હાલ વિવિધ એ.પી.એમ.સી. ખાતે મગ પાકનો સરેરાશ બજાર ભાવ નિયત થયેલ ટેકાનો ભાવ રૂ.૭૨૭૫ પ્રતિ ક્વિન્ટલ કરતાં ઓછો હોઈ રાજયના ખેડુતોને આર્થિક નુકશાન ન થાય તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી નાફેડ થકી રાજ્ય સરકાર નિયુક્ત રાજ્ય નોડલ એજન્સી ઈન્ડીએગ્રો કોન્સોર્ટીયમ પ્રોડ્યુસર કં.લી. (FPO) મારફત કરવામાં આવશે. ઉનાળુ મગ પાકની ટેકાના ભાવે ખરીદી માટે તા.૧૧-૭-૨૦૨૨ થી ૨૦-૭-૨૦૨૨ દરમ્યાન ખેડુત નોંધણી અને તા.૨૧-૭-૨૦૨૨ થી ભારત સરકારશ્રી તરફથી મળેલ મંજુરીને આધિન ખરીદી શરૂ કરવામાં આવશે. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે ખેડુતોની નોંધણી ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો પરથી ફઝઈ મારફતે કરવામાં આવશે. નોંધણી માટે ખેડુતોએ કોઈ ચાર્જ ચુકવવાનો રહેશે નહિ. નોંધણી માટે ખેડુતે જરૂરી દસ્તાવેજો જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમુના-૭ ની નકલ, ઉનાળુ ૨૦૨૧-૨૨માં મગના વાવેતર અંગે ગામ નમુના-૧૨માં પાકની નોંધ અથવા પાકની વાવણી અંગેનો તલાટીનો દાખલો, બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ અથવા કેન્સલ ચેકની નકલ ખેડુતે સાથે રાખી આપવાની રહેશે.નોંધણી માટે મોબાઈલ નંબર ફરજીયાત છે અને નોંધણી આધારીત રહેશે. કોઈ પણ સંજોગોમાં ઓફ લાઈન નોંધણી કરવામાં આવશે નહિ.

# નાણાં ધીરધાર માટે હવે, ઓનલાઇન અરજી કરી શકાશે

**પ્રવૃત્તિના નિયમન માટે ઇ કો-ઓપરેટીવ પાર્ટેલ લોન્ચ**
**હવે, જિલ્લા રજિસ્ટ્રારની કચેરીમાં જવાનું રહેશે નહિ**

ગાંધીનગર : ગુરૂવારઃ

ગુજરાત રાજયમાં નાણાંના ધીરધાર પ્રવૃત્તિના નિયમન માટે ગુજરાત નાણાંની ધીરધાર કરનાર બાબત અધિનિયમ અંતર્ગત નવા રજિસ્ટ્રેશન અને રજિસ્ટ્રેશન રિન્યુ કરવા અંગેની અરજીઓ હાર્ડકોપી સ્વરૂપે મળતી હોય છે.

ડિજિટલ ઈન્ડિયા અને પેપરલેસ વહીવટના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા તા. ૦૯ ફેબ્રુઆરીના રોજ રાજયમાં ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ ૨૦૧૧ અને ૨૦૧૩ની જોગવાઈઓના અસરકારક અમલ માટે ઈ-કોઓરેટિવ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

જેનાથી તમામ નાણાંની ધીરધાર કરનારાઓએ કાયદા હેઠળ જરૂરી હોય તેવા નવા રજિસ્ટ્રેશન તેમજ રજિસ્ટ્રેશન રિન્યુઅલ માટેની કામગીરી માટે જિલ્લા રજિસ્ટ્રારની કચેરીએ જવાનું રહે નહીં તે રીતે આ સોફ્ટવેર અંતર્ગત ઓનલાઈન કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન માટે વેબસાઈટ; www.e-cooperative.gujrat.gov.inતથા હેલપડેસ્કનંબરઃ (૦૨૭૬૨) ૨૨૧૩૨૯ પર સંપર્ક કરવાનો રહેશે.

સોફ્ટવેર અંતર્ગત હવે પછી અરજી ઓનલાઈન જ સ્વીકારાશે. તેમ શાહુકારોના નિબંધક અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓએ જણાવ્યું છે.

# ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસયાત્રાએ ૧૩૩ ગામોને આવરી લીધા : ૧૩ હજારથી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા

**અત્યાર સુધીમાં ૧૪૮ વિકાસકામોનું લોકાર્પણ અને ૧૨૬ કામોના ખાતમુહૂર્ત થયાં**
**ગામેગામ નિરામય કેમ્પનું આયોજન : ૨,૩૩૭ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરાઈ**
**ગામેગામ પ્રભાતફેરી, સ્વચ્છતા ઝુંબેશ અને યોગ જેવા જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લેતા નાગરિકો**



ગાંધીનગરઃ ગુરૂવારઃ

ગાંધીનગર જિલ્લામાં 'વંદે ગુજરાત વિકાસયાત્રા' સાચા અર્થમાં વિકાસના ફળ ગામેગામ પહોંચાડનારી યાત્રા બની રહી છે. નવ દિવસમાં બે વિકાસરથે ૩૫ ગામોની યાત્રા કરીને ૧૩૩ ગામોના નાગરિકોને આવરી લીધા છે. વિકાસયાત્રા દરમિયાન અત્યાર સુધીમાં આ ૧૩૩ ગામોમાં રૂ. ૨ કરોડ, ૮૪ લાખના જનસુખાકારીના ૧૪૮ વિકાસકામો લોકોને અર્પણ કરવામાં આવ્યા છે, અને આ ગામોમાં જ ૧૨૬ જેટલા વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૧૩,૦૦૦ થી વધુ નાગરિકો 'વંદે ગુજરાત વિકાસયાત્રા'માં સહભાગી થયા છે. ગામેગામ વિકાસરથનું ઉમળકાભેર સ્વાગત થઈ રહ્યું છે. જ્યાં જ્યાં વિકાસયાત્રા જાય છે ત્યાં સ્વચ્છતા ઝુંબેશ, દ્વારા યોગ દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિના કાર્યક્રમો અને લોકોના પ્રશ્નોનો ઘર આંગણે ઉકેલ આવે એવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જ્યાં જ્યાં વિકાસરથ જઈ રહ્યો છે, ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા નિરામય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૩ નિરામય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં ૨,૩૩૭ વ્યક્તિઓના આરોગ્યની તપાસ અને જરૂરી સારવાર આપવામાં આવી છે.

ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આ જ સુધીમાં ૨૦ વર્ષ દરમિયાન જનતા જનાર્દનના વિશ્વાસથી ગુજરાતે વિકાસની જે હરણફાળ ભરી છે તેની જાહેર જનતાને પ્રતીતિ કરાવવા, સાથોસાથ ઉજ્જ્વળ આવતીકાલ માટે વિવિધ વિકાસકામોની શરૂઆત કરાવવા 'વંદે ગુજરાત વિકાસયાત્રા' સમગ્ર રાજ્યની સાથો સાથ ગાંધીનગર જિલ્લામાં પણ ફરી રહી છે. તા. ૫ મી જુલાઈથી મોટા ચિલોડા ખાતેથી આરંભાયેલી 'વંદે ગુજરાત વિકાસયાત્રા' અંતર્ગત બે રથ ગાંધીનગરના ચાર તાલુકાઓમાં ગામેગામ ફરી રહ્યા છે. પ્રત્યેક ગામોમાં પ્રદર્શન યોજાય છે, જિલ્લા કક્ષાના અધિકારીઓ ફ્લેગશીપ યોજનાની માહિતી આપે છે, અને લોકોને સ્પર્શતા પ્રશ્નોનુ નિવારણ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. લોકોપયોગી યોજનાઓની માહિતી અને લાભો સીધા જ લોકોને પહોંચાડવામાં આવી રહ્યા છે. જિલ્લાના લોકો ઉત્સાહભેર વિકાસ યાત્રામાં જોડાઈ રહ્યા છે અને ગામે ગામ વિકાસરથનું શાનદાર સ્વાગત કરવામાં આવી રહ્યું છે

ગાંધીનગર ખાતે તા. ૧૪મી જુલાઈ સુધીમાં બન્ને રથોએ કુલ- ૧૩૩ ગામોની મુલાકાત લીધી છે. જેમાં ચાર તાલુકાના કુલ- ૧૩૩ ગામોમાં રૂપિયા ૨ કરોડ ૮૪ લાખના ખર્ચે જનસુખાકારીના કુલ- ૧૪૮ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. તેમજ રૂપિયા ૩ કરોડથી વધુના ખર્ચના કુલ- ૧૨૬ વિકાસ કામોનું ખાતમુર્હુત કરવામાં આવ્યું છે. આ રથ કાર્યક્રમ યોજાયો ત્યાં કુલ- ૧૩,૯૩૪ લોકો રથના કાર્યક્રમમાં સહભાગી બનીને વિવિધ વિકાસ કામોની ઝાંખીની ટુંકી ફિલ્મ નિહાળી છે. તેમજ રાજ્ય સરકારની વિવિધ ફલેગ યોજનાની માહિતી મેળવી છે. આ બન્ને રથો દ્વારા ચારેય તાલુકાના કુલ- ૩,૩૩૧ લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

બન્ને રથ તા. ૧૩મી જુલાઈ સુધીમાં જે ગામમાં ગયા ત્યાં નિરામય આરોગ્ય કેમ્પનું આયોજન કરાવમાં આવ્યું હતું. આ કેમ્પ થકી કુલ- ૨,૩૩૭ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૦૫૦, માણસા તાલુકામાં ૧૮૩, કલોલ તાલુકામાં ૧૦૨૯ અને દહેગામ તાલુકામાં ૭૫ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. આ આરોગ્ય તપાસ દરમ્યાન કુલ- ૧૧૬૫ વ્યક્તિઓના બલ્ડના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ડાયાબિટીસના – ૧૯૩, હાયપર ટેન્શનના ૨૦૩, એનીમિયાના- ૧૧૦, કેલ્શિયમની ઉણપના ૫૫વ્યક્તિનું નિદાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમ્યાન ૩ વ્યક્તિઓની કિડનીની બિમારીની પ્રાથમિક તપાસકરવામાં આવી છે. તેમજ ૧ દર્દીને મોઢાનું કેન્સર, ૧૨ મહિલાઓને સ્તનનું કેન્સર, ૧૨ મહિલાઓને ગર્ભાશયનું કેન્સર અને ૨૪ મહિલાઓ અને ૩૭ પુરૂષ મળીને કુલ- ૬૧ વ્યક્તિઓ શંકાસ્પદ કેન્સર તરીકે ઓળખ કરવામાં આવી છે.

આ આરોગ્ય કેમ્પ ખાતે ૧૫૯૨ દર્દીઓને સ્થળ પર સારવાર કરવામાં આવી છે. ૩૦૯ હેલ્થઆઈડી કાર્ડ જનરેટ કરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ કાર્યક્રમના સ્થળ ખાતે કુલ- ૩૮૦ વ્યક્તિઓને આ કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા.

# ઓગણજ પાસે આવેલા દશેશ્વર ફાર્મની નજીક દીવાલ ધરાશાયી થતા ત્રણના મોત, બે સારવાર હેઠળ

અમદાવાદ,તા.૧૪

અમદાવાદમાં આજે સરેરાશ એક ઈંચ વરસાદ પડ્યો છે. ઉસ્માનપુરા, વાડજ, આશ્રમ રોડ, ઈક્રમટેક્સ, સાબરમતી, ચાંદખેડા, મોટેરા, ચાંદલોડિયા, નિર્ણયનગર, રાણીપ વિસ્તારમાં બે ઈંચ વરસાદ પડ્યો છે. વરસાદને કારણે ન્યૂ રાણીપ ઓવરબ્રિજ પર ભારે ટ્રાફિકજામ થયો હતો બીજી તરફ ઓગણજ પાસે આવેલા દશેશ્વર ફાર્મની નજીક દીવાલ ધરાશાયી થતા ૫ મહિલા મજૂરો દટાયા હતાં. ફાયરબ્રિગેડની ટીમ દ્વારા તમામને બહાર કાઢી સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન શીતલબેન (ઉ.વ.૧૬), વનિતાબેન (ઉ.વ.૧૯) અને કવિતાબેન (ઉ.વ.૩૫)નું સારવાર દરમ્યાન મોત થયું છે. જ્યારે અસ્મિતાબેન (ઉ.વ.૨૨) અને રિંકુબેન (ઉ.વ.૧૯) સારવાર હેઠળ છે.સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ એન. આર. વાઘેલાએ જણાવ્યું હતું કે પ્રાથમિક ધોરણે વરસાદના કારણે દીવાલ પડી હોવાનું જણાય છે. મજૂરો દીવાલ પાસે છાપરા બાંધીને રહેતા હતા. સવારે વરસાદમાં દીવાલ ધરાશાયી થતાં ૫ લોકો દટાયા હતા. જેમાં ત્રણ મહિલાઓના મોત થયાં છે જ્યારે બે સારવાર હેઠળ છે. ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ દશેશ્વર ફાર્મ નજીક દિવાલ પડી હોવાનો મેસેજ મળતાં અમારી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી જ્યાં પાંચેક મહિલાઓ ફસાઈ હતી જેને અમે બહાર કાઢી અને બેભાન હાલતમાં સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. તેમના પરિવારજનોનો સંપર્ક કરી અને તેમને જાણ કરવામાં આવી હતી.હવામાન વિભાગે સમગ્ર રાજ્યમાં આગામી ત્રણ દિવસથી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જેમાં આજે અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, નવસારી, વલસાડ, ડાંગ, સુરત અને તાપીમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે તેમજ ૧૫ જુલાઈએ જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તેમજ આગામી ૫ દિવસ સુધી દરિયો ન ખેડવા માછીમારોને સૂચના તંત્ર દ્વારા આપવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.